જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ નીચે જણાવેલ શરતો ને આધિન રહી જુના સ્કુટર તેમજ સાયકલો ખરીદવા-વેચવા અંગે જો એક જાહેરનામું જાહેર હિત માટે બહાર બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આંતકવાદી તત્વો ધ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલા જ અંકુશમાં લઈ શકાય. જેથી કોઈપણ જુની કાર સાયકલ અને સ્કુટર વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ નીચે મુજબના કોલમ વાઈઝની માહીતી અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે તથા વેચાણ/ખરીદ કરેલ વાહનોના કાગળોની ઝેરોક્ષ પણ રાખવાની રહેશે. તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, છોટાઉદેપુર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળના જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ છોટાઉદેપુર જિલ્લામાં કોઈપણ જુની કાર સાયકલ અને સ્કુટર વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ નીચે મુજબના કોલમ વાઈઝની માહીતી અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે તથા વેચાણ/ખરીદ કરેલ વાહનોના કાગળોની ઝેરોક્ષ પણ રાખવા ફરમાવું છું.

અ.નં.	વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ.	ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર.	ખરીદનારનું આઈ.ડી. પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત.	જુનુ વાહન ખરીદવાનું/ ખરીદયા અંગેનું કારણ અને તારીખ.	એન્જીન/ચેચીસ નંબર/ મોડલ નંબર/રજીસ્ટેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી.
૧	૨	૩	૪	૫	૬

વિસ્તાર

સમગ્ર છોટાઉદેપુર જિલ્લો અથવા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમયગાળો

આ હુકમ તા.૧૯/૦૭/૨૦૨૫ થી તા.૧૬/૦૯/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથો સાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬ હેઠળ જાહેર થયેલ પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૨૨/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વાંચ્યા:-

(૧) પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૧૨૭/૨૦૨૫, તા.૧૬/૦૬/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૧૩૮૪/૨૦૨૫.–વંચાણે-૧ થી રાજયમાં ગુમચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો ધ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બે બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની સાયકલો તેમજ જુના સ્કુટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા તેના સ્પેર પાર્ટોનો ઉપયોગ આ તત્વો ધ્વારા કરાતો હોય છે અને આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના પરપ્રાંતીય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીક તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળાતી હોય છે.

જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ ભંગારનો સામાન ખરીદવા-વેચવા અંગે જો એક જાહેરનામું જાહેર હિત માટે બહાર બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આંતકવાદી તત્વો ધ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલા જ અંકુશમાં લઈ શકાય. જેથી કોઈપણ જુનો ભંગારનો સામાન વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિઓએ રજીસ્ટર નિભાવવાનું રહેશે તથા વેચાણ/ખરીદ કરેલ ભંગારના સામાનની વિગતો રાખવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, છોટાઉદેપુર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળના જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ છોટાઉદેપુર જિલ્લામાં કોઈપણ જુની કાર સાયકલ અને સ્કુટર વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ નીચે મુજબના કોલમ વાઈઝની માહીતી અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે તથા વેચાણ/ખરીદ કરેલ વાહનોના કાગળોની ઝેરોક્ષ પણ રાખવા ફરમાવું છું.

અ.નં.	ભંગાર લાવનારનું આઈડી પ્રુફની વિગત	ભંગાર કોની પાસેથી લાવ્યા તેનું નામ, સરનામું મોબાઈલ નંબર	ભંગાર કઈ તારીખે લાવ્યા	કેવા-કેવા પ્રકારનો ભંગાર લાવવામાં આવેલ તેની વિગત	ભંગાર કોને વેચવામાં આવ્યો તેનું નામ, સરનામું મોબાઈલ નંબર	ભંગાર કઈ તારીખે વેચવામાં આવ્યો
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)

વિસ્તાર

સમગ્ર છોટાઉદેપુર જિલ્લો અથવા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમયગાળો

આ હુકમ તા.૧૯/૦૭/૨૦૨૫ થી તા.૧૬/૦૯/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથો સાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬ હેઠળ જાહેર થયેલ પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૨૨/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વાંચ્યા:-

(૧) પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૧૨૯/૨૦૨૫, તા.૧૬/૦૬/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૧૩૮૫/૨૦૨૫.–વંચાણે-૧ થી રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈન્પુટો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ અને તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બે બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. તે આધારે હાલમાં બજારમાં મોબાઈલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની યોગ્ય ચકાસણી ના અભાવે તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ મેળવતા હોય છે. અને તે સીમકાર્ડો આધારે રાજ્ય તેમજ જિલ્લામાં બનાવટી કોલ દ્વારા ધમકી અપવાના, સાયબર ક્રાઈમને લગતા ગુના, ખંડણી માગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના તેમજ માહીતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરીઓ, લુટ-ધાડ, ચીલઝડપ, વિગેરે ગુનાઓને અંજામ આપતા હોય તે બાદમાં ગુંહામાં વપરાયેલ મોબાઈલ અન્વયે વેચી દેતા હોય જે ભૂતકાળમાં બનેલ બનાવો પરથી જણાઈ આવેલ છે. તે માટે મોબાઈલ ફોન તથા સીમકાર્ડની લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે.

ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશ કરતા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ જે મોબાઈલ ફોન ખરીદનાર/વેચનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોંચે ત્યારે જાણવા મળે છે કે એમને કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે. જેના કારણે ચોક્કસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતોને ધ્યાને રાખી જિલ્લાના મોબાઈલ/સીમકાર્ડ ડિસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખ પત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચવા સંદર્ભમાં ખરીદ કરનારના નામ સરનામાની માહીતીનું રજીસ્ટર નિભાવવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંઅગ્ની કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, છોટાઉદેપુર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળના જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ છોટાઉદેપુર જિલ્લામાં આવેલ તમામ મોબાઈલ/સીમકાર્ડ ડિસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ફોન ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચવા સંદર્ભમાં ખરીદ કરનારના નામ સરનામાની માહીતીનું નીચે મુજબના નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/ કંપની નામ	IMEI No.	મોબાઈલ વેચનાર/ખરીદનારના નામ અને સરનામાની વિગત	આઈ.ડી. પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

નવા/જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/ કંપની	IMEI No.	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ, સરનામાંની વિગત	આઈ.ડી. પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ	સીમકાર્ડ No.	સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામાની વિગત	આઈ.ડી. પ્રુફની વિગત	સીમ કાર્ડ ખરીદનારની સહિ
૧	૨	૩	૪	૫	૬

વિસ્તાર

સમગ્ર છોટાઉદેપુર જિલ્લો અથવા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમયગાળો

આ હુકમ તા.૧૯/૦૭/૨૦૨૫ થી તા.૧૬/૦૯/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથો સાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬ હેઠળ જાહેર થયેલ પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૨૨/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વાંચ્યા:-

(૧) પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૧૨૬/૨૦૨૫, તા.૧૬/૦૬/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૧૩૮૬/૨૦૨૫.–વંચાણે-૧ થી Handling of Conventional Aerial Platform Threats in the Country અન્વયેની એસ.ઓ.પી. અન્વયે ડ્રોન હુમલા થવાની શક્યતા ધરાવતા છોટાઉદેપુર જિલ્લામાં આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીક મહત્વમાં કુલ-૩૬ ઈન્સ્ટોલેશન આવેલા છે. જેમા કુલ-૨૨ ઈન્સ્ટોલેશન જગ્યાની સુરક્ષાની જવાબદારી છોટાઉદેપુર પોલીસની છે. UAV (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલ ડ્રોન અથવા રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને છોટાઉદેપુર જિલ્લામાં આવેલ ક્રિટીકલ સ્ટ્રેટેજીક મહત્વના ઈન્સ્ટોલેશનવાળા સ્થળોને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય નહીં તેમજ જમ્મુ કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનેલ બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ઉપર જણાવેલ UAV ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

છોટાઉદેપુર જિલ્લા વિસ્તારમાં આવેલ UAV (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલ ડ્રોન અથવા રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર ચલાવનાર સંચાલકે ક્રમ નં ૦૧ થી ૩૬ માં જણાવેલ વિસ્તાર કે જે ક્રિટીકલ / સ્ટ્રેટેજીક મહત્વ ઈન્સ્ટોલેશનવાળા વિસ્તારની પ્રમાઈસીસ/કિલોમીટર સુધીના પ્રિમાઈસીસના પરીઘમાં "UAV (Unmanned Aerial Vehicle) નો ફલાય ઝોન" ઉપર કોઈ પણ જાતના રીમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લગાડેલ ડ્રોન અથવા રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને છોટાઉદેપુર જિલ્લામાં આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીક મહત્વ ઈન્સ્ટોલેશનવાળા સ્થળોને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય નહીં જેથી સદર વિસ્તારની આંતરીક સુરક્ષાને ધ્યાને રાખી નીચેના પત્રકમાં જણાવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીક મહત્વના ઈન્સ્ટોલેશનવાળા વિસ્તારમા ફલાઈંગ ઓબ્જેકટના સાધનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધીત કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, છોટાઉદેપુર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળના જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ છોટાઉદેપુર જિલ્લામાં નીચેના પત્રકમાં જણાવેલ આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીક મહત્વના ઈન્સ્ટોલેશનવાળા વિસ્તારમાં ફલાઈંગ ઓબ્જેકટના સાધનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધીત ફરમાવું છું.

Sr. No.	Name of Place	Full Postal Address	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA Circular Dated 8th Nov-2018
1	2	3	4
1	Sub Jail, Chhotaudepur	Kasba Jail Road, Chhotaudepur	250 mtr distance from perimeter
2	Sub Jail, Sankheda	Opp. Shankheda Police Station	250 mtr distance from perimeter

3	Electrical Power Sub Station	Vasedi, Chhotaudepur	100 mtr distance from perimeter
4	Electrical Power Sub Station, Kawant	Naswadi Road	100 mtr distance from perimeter
5	Electrical Power Sub Station Naswadi	Kawant Road	100 mtr distance from perimeter
6	Electrical Power Sub Station Jetpurpavi	Tarapur Road, Jetpurpavi	100 mtr distance from perimeter
7	Electrical Power Sub Station Bodeli	Bodeli Halol Road, Bodeli	100 mtr distance from perimeter
8	Electrical Power Sub Station, Sankheda	Makani Road, Sankheda	100 mtr distance from perimeter
9	Geeta Gas Agency, Chhotaudepur	Chhotaudepur	100 mtr distance from perimeter
10	Kuber Gas Agency, Naswadi	Akona Road, Naswadi	100 mtr distance from perimeter
11	Hari Krupa Gas Agency, Kawant	Ramnagar Society Bodeli Road, Kawant	100 mtr distance from perimeter
12	Navdurga Gas Agency, Jetpurpavi	Dungarvant Road, Jetpurpavi	100 mtr distance from perimeter
13	Vaisali Gas Agency, Bodeli	Gajanand Complex, Bodeli	100 mtr distance from perimeter
14	Bharat Gas Agency, Sankheda	Handoad Road, Sankheda	100 mtr distance from perimeter
15	District Judge Residence, Chhotaudepur	Alirajpur Highway Road, Panchvati Bungalows, Chhotaudepur	100 mtr distance from perimeter
16	District Collector Residence, Chhotaudepur	Alirajpur Highway Road, Panchvati Bungalows, Chhotaudepur	100 mtr distance from perimeter
17	District Superintendent of Police Residence, Chhotaudepur	Alirajpur Highway Road, Panchvati Bungalows, Chhotaudepur	100 mtr distance from perimeter
18	District Court, Chhotaudepur	Secretariat Buidling, Chhotaudepur	100 mtr distance from perimeter
19	SP Office, Chhotaudepur	Chhotaudepur-Vadodara Highway, Ghelvant, Chhotaudepur	100 mtr distance from perimeter
20	Collector Office, Chhotaudepur	District Seva Sadan, Chhotaudepur	100 mtr distance from perimeter
21	Telephone Office, Chhotaudepur	Near Petrol Pump, Char Rasta, Chhotaudepur	100 mtr distance from perimeter
22	Hanuman Mandir, Zand	At. Zand	100 mtr distance from perimeter
23	Narmada Main Canal Under Bridge	At. Koshindra, Ta. Bodeli	50 mtr distance from perimeter
24	Narmada Main Canal Over Bridge	At. Alhadpura, Ta. Bodeli	50 mtr distance from perimeter
25	Chhotaudepur Vanar Road Under Bridge	Chhotaudepur Vanar Road	50 mtr distance from perimeter
26	Rangpur Naka, Chhotaudepur	Alirajpur Highway Road, Chhotaudepur	100 mtr distance from perimeter
27	Bus Station, Chhotaudepur	Near Petrol Pump, Char Rasta, Chhotaudepur	100 mtr distance from perimeter
28	Bus Station, Bodeli	Alipura, Bodeli	100 mtr distance from perimeter
29	Railway Station, Chhotaudepur	Near Circuit House, Chhotaudepur	50 mtr distance from perimeter
30	Railway Station, Jetpurpavi	Bodeli Road, Jetpurpavi	50 mtr distance from perimeter
31	Railway Station, Bodeli	Bodeli	50 mtr distance from perimeter
32	Railway Station, Chuchhapura	At. Chuchhapura, Ta. Sankheda	50 mtr distance from perimeter
33	CHC Hospital, Chhotaudepur	Near Gokuldham Society, Chhotaudepur	100 mtr distance from perimeter
34	Sukhi Dam	At. Dungarwant, Ta. Jetpurpavi	2 mtr distance from perimeter
35	Tank Water Supply	At. Kadipani, Ta. Kawant	100 mtr distance from perimeter
36	Milk Cold Store	At. Alhadpura, Ta. Bodeli	100 mtr distance from perimeter

વિસ્તાર

છોટાઉદેપુર જિલ્લામાં ઉપરના પત્રકમાં જણાવ્યાં મુજબના ક્રિટીકલ/સ્ટ્રેટેજીક મહત્વના ઈન્સ્ટોલેશનવાળા વિસ્તારમાં પત્રકના કોલમ નં-૪માં જણાવેલ મીટર/કિમી નો વિસ્તાર.

અમલવારીનો સમયગાળો

આ હુકમ તા.૦૭/૦૮/૨૦૨૫ થી તા.૦૫/૧૦/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથો સાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬ હેઠળ જાહેર થયેલ પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૧૨/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ગાર્ગી જૈન, IAS,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

નં.એમએજી./જી.પી.એ./કા.વ્ય./હુકમ/વશી.૭૦૮૫ થી ૭૧૨૪/૨૦૨૫.—હાલ ગુજરાત રાજ્યમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ઉપવાસ પર બિન પરવાનગીથી બેસવાની ઘટનાઓ વારંવાર બનવા પામેલ છે. નવસારી જિલ્લામાં પણ નાગરીકો પોતાની માંગણી, રજુઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોક્કસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા સંકળાયેલ મુખ્ય રોડ ઉપર પ્રતિક ઉપવાસ, અમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતુ અને મંસ્વી આયોજન કરી આ કચેરીમાં તેમજ જાહેરમાર્ગ પર બાધા સર્જે છે. જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે. જેથી નવસારી જિલ્લામા જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ નીચે હુકમ કરવો આવશ્યક અને ઉચિત જણાય છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લો-નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી ઉપલબ્ધ જોગવાઈ અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા.૨૦/૦૮/૨૦૨૫ના કલાક ૦૦:૦૦ થી તા.૦૪/૦૯/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ (બંને દિવસો સહિત) સુધી કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરી, નવસારી જિલ્લાની તમામ પ્રાંત કચેરીઓ તથા નવસારી જિલ્લા પંચાયત, પોલીસ અધિક્ષકશ્રી, નવસારીની કચેરી તથા તાલ્લુઆ મામલતદારશ્રીની કચેરી, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, જિલ્લાની તમામ મહાનગરપાલિકા તથા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડ તેમજ કમ્પાઉન્ડ બહારની ૨૦૦ મીટરની ત્રિજ્યાના હદ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ધરણા/ભુખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતા વધુ માણસોએ એકત્રિત થવા કે સભા/સરઘસ જેવા કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ

આ હુકમ જે વ્યક્તિ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહિ.

શિક્ષા

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ સજાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૯/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

યોગરાજસિંહ બી. ઝાલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/શસ્ત્રો/હથિયાર/એસ.આર.-૧૪૫/૨૦૨૫.–આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવાના ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અથવા પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાદ્ય વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

-:અપવાદ:-

આ હુકમનો નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીએ આવા કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૧૮/૦૮/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૧/૦૯/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૭/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ/એસ.આર.-૧૪૬/૨૦૨૫.—આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાણવણી માટે હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૧૮/૦૮/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૧/૦૯/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઇ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર:- અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

ખુલાસો:- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ:- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૧૮/૦૮/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૧/૦૯/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૭/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/ગોડાઉન/એસ.આર.-૧૪૭/૨૦૨૫.—અમદાવાદ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં અસલાલી, સાણંદ, ચાંગોદર, ધોળકા, વિરમગામ ટાઉન, બોપલ વિગેરે પો.સ્ટે. વિસ્તારોમાં મોટા ગોડાઉનો આવેલા છે. જે તમામ ગોડાઉનો હાલમાં કાર્યરત છે. જે ગોડાઉનોમાં બહારથી માલસામાન લાવી સંગ્રહ કરવામાં આવે છે અને આ ગોડાઉનોમાં કામ કરતા મોટા ભાગના પરપ્રાંતના ઈસમો હોય છે. જે ગોડાઉન તેમજ ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલ છે. અને આ ગોડાઉનો ઉપર વોચમેનોની સંખ્યા નહિત હોવાને કારણે ચોરી લૂંટ તથા ધાડ જેવા ગોડાઉનમાં સલામતી બાબતે સિક્યુરીટી ગાર્ડ (વોચમેન) રાખવામાં આવે તેની વિગતો સંબંધિત પો.સ્ટે.માં જાણ કરવા અંગે તેમજ ગોડાઉનની અંદર તથા બહારના ભાગે બહારથી આવતા તથા જતા વાહનોની નંબર પ્લેટ અને તેમાં બેઠેલ વ્યક્તિઓ સ્પષ્ટ રીતે દેખાય તે રીતેની ગુણવત્તા ધરાવતા સીસીટીવી કેમેરા ફરજિયાત પણે લગાવવા અને તેનો ફૂટેજ દિન-૩૦ સુધી સંગ્રહ કરવાનો રહેશે. આથી આવી પ્રવૃતિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા હુકમ બહાર પાડું છું.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૧૯/૦૮/૨૦૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૮/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/સાયબર કાફે/એસ.આર.-૧૪૮/૨૦૨૫.–તા.૧૩/૦૭/૨૦૧૧ ના રોજ મુંબઈ શહેરમાં થયેલ સીરીયલ બોમ્બ ધડાકાના અનુસંધાને તેમજ સીમી જેવી પ્રતિબંધિત સંસ્થાના સભ્યોની તેમજ ભયજનક વ્યક્તિઓની સંભવિત હરકતોને અનુલક્ષીને આતંકવાદીઓ કોમપ્યુટર નેટવર્ક દ્વારા આવા કૃત્યોને અંજામ આપતા હોવાનું જાણવા મળેલ છે. તેમજ અત્રેથી સાયબરકાફે ચલાવવા માટે લાયસન્સ આપવામાં આવતા હોઈ હાલના સમય અને સંજોગો જોતાં સાયબરકાફે દ્વારા નિયમોનું પાલન કરવામાં આવે છે કે નહીં તે બાબતની ચકાસણી કરવા તથા સાયબર કાફેના ચેકિંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્ર હિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા સાયબર કાફે માટે નિયંત્રણો મુકવા જરૂરી છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના તેમના જ હસ્તાક્ષરમાં રજીસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે.

(૨) આ રજીસ્ટરમાં આવનાર ઈસમની સહી સાથે પુરુષ મુસાફરના ડાબા હાથનો અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપુર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ સાયબરકાફેથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજીસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધાવવાની જવાબદારી સાયબરકાફેના સંચાલક/ માલિકની નિયત કરવામાં આવે.

(૪) સાયબરકાફેમાં આવનાર દરેક ઈસમના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું આઈ. કાર્ડ વિ.) ની સેલ્ફ એટેસ્ટેડ ફોટોકોપી સાયબરકાફેના દફતરમાં રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ સાયબરકાફે જેતે સાયબર કાફે લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ સંચાલન કરવું નહી તેમજ આવી સાયબરકાફે કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવે છે.

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ સાયબરકાફેના માલિક તેમજ મેનેજર/ તમામ કર્મચારીઓના નામ, સરનામું, નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગેરેની હકીકતો તેમજ આવી સાયબરકાફેની અન્ય સાથી (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/ મેનેજર/સંચાલકના નામ, સરનામુ, ટેલીફોન/મોબાઈલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સંબંધિત પોલીસ સ્ટેશન સંબંધકર્તા સબ ડિવીઝશન મેજિસ્ટ્રેટ તથા એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી.

(૭) સાયબરકાફે ખાતે સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે.

(૮) સાયબરકાફે ખાતે અધિકૃત અધિકારી તપાસણી કરવા આવે તો તપાસણી કરવા દેવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૧૯/૦૮/૨૦૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૮/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/ઘરઘાટી/એસ.આર.-૧૪૯/૨૦૨૫.–અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ચોરી, લૂંટ, ખુન જેવા ગુનાઓમાં ઘરઘાટીની સંડોવણી જણાયેલ છે. જે જોતા ઘરઘાટીઓ જાહેર સુલેહ શાંતિને કેટલાક માણસોની જિંદગી ખુવારી તથા લોકોની

સંપત્તિને નુકશાન પહોંચાડી રહેલ છે. મહદ અંશે ઘરઘાટીઓ પરપ્રાંતના હોય છે અને ગુનો કરી જતા રહેતા હોય છે. અને તેઓ વિશે માલિક પાસે અગર તો પોલીસ પાસે માહિતી હોતી નથી. પરિણામે તેઓને પકડવામાં મુશ્કેલ ભર્યુ બને છે. જેથી ઘરઘાટી તરીકે નોકરીએ રાખતા માલિકો ઉપર થોડુ નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું. કે અમદાવાદ જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના હકુમત સિવાયના સમગ્ર મહેસુલી વિસ્તારમાં કોઈ મકાન માલિક/ મકાન ભાડુઆત જયારે કોઈ વ્યક્તિને ઘરઘાટી તરીકે કામ ઉપર રાખે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને તેવાં કામ ઉપર રાખી શકશે નહિ અને માલિકે આ બાબતે નીચેનાં કોલમ મુજબની માહિતી ઘરઘાટીના ફોટોગ્રાફ સાથે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

(૧) ઘરઘાટીનું પુરૂ નામઃ

(૨) ઘરઘાટીનું સરનામું તથા તેની સાથેનાં માણસોની વિગત

(૩) જેના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતા હોય તે માલિકનું નામ- સરનામુ (બે-ત્રણ તમામ માલિકોના નામ- સરનામા તથા ઘરઘાટી તરીકેનો સમયગાળો)

(૪) બાંહેધરી અગર જેનાં મારફતે ઘરઘાટી તરીકે રાખેલ હોય તેનું નામ, સરનામું

(૫) અગાઉ ઘરઘાટી તરીકે કામ કરેલ હોય તે માલીકનું નામ, સરનામું

(૬) ઘરઘાટીને ઓળખીતાનાં નામ અને સરનામું તથા ટેલીફોન નંબર

(૭) ઘરઘાટીનું વતનનું સરનામું પો.સ્ટે. સહિત તથા વતનમાં રહેતા તેના ભાઈ-બહેન, માતા-પિતાનાં નામો

(૮) ઘરઘાટી પરણીત હોય તો સાસરીનું સરનામું

(૯) ઘરઘાટીનું ચહેરા નિશાન, ઉમર વર્ષ, ઉચાઈ, વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાની)

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૧૮/૦૮/૨૦૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૮/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/મકાન ભાડે/એસ.આર.-૧૫૦/૨૦૨૫.—ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસમાજિક તત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરવાની તેમજ માનવ જીંદગીની ખુવારી થાય તેમજ લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે. જેથી પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં પણ આશરો મેળવી આવી પ્રવૃત્તિ કરી શકે તેવું સંભવી શકે છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા તત્વો કોઈના રહેણાંકના મકાન ઉપરાંત ઔદ્યોગિક વિસ્તારોના મકાનો તથા એકમો ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. તેવું દેશના અમુક પ્રદેશોમાં બનવા પામ્યાના અહેવાલો છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં કોઈ રહેણાંકના મકાન તથા ઔદ્યોગિક વિસ્તારના મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને ભાડે આપી શકશે નહિં. ભાડે આપેલ મકાનની વિગત ભાડે રાખનાર અને એજન્ટ કે જેઓએ ભાડે રાખનારની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે મુજબના પત્રક-અમાં જરૂરી માહિતી સાથે લેખિત

જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરશે. તથા જયારે જયારે કોઈ મકાન માલિક/ એજન્ટ/ બ્રોકર કોઈ મકાનની લે-વેચ કરશે કે કરાવશે કે ભાડેથી મકાન અપાવશે તેની સંપૂર્ણ વિગતોનું રજીસ્ટર નિભવશે. જેમાં થયેલ વ્યવહાર સાથે સંકળાયેલ પક્ષકારોની સંપૂર્ણ ઓળખ સહિતનો બાયોડેટા ફોટો સહીત રાખી નીચેના પત્રક-અ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. તથા એક નકલ સંબંધકર્તા તાલુકા મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીને આપવાની રહેશે.

પત્રક-અ

મકાન ભાડે આપતા પહેલા સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની માહિતીનું પત્રક

અ.નં.	મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ અને સરનામું	મકાન કયારે ભાડે આપેલ છે તથા માસિક ભાડુ કેટલું નક્કી કરેલ છે તે રકમ (રૂા)	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમનો સંપૂર્ણ બાયોડેટા ફોટોગ્રાફ સહીત જેમાં ભાડુઆતનું નામ મુળ રહેવાસી, ધંધો, ધંધાનું સ્થળ, તેની ઓળખ અંગેના પુરાવાની વિગત વગેરે	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિ, એજન્ટ, બ્રોકરની તમામ વિગતો	અન્ય વિગત
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૧૯/૦૮/૨૦૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૮/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/મજુર/એસ.આર.-૧૫૧/૨૦૨૫.—અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં તથા બોપલ પો.સ્ટે. વિસ્તારમાં અવારનવાર ધાડ, લુટના ગંભીર બનાવો બનવા પામેલ હોઈ અને બોપલ પો.સ્ટે. વિસ્તારમાં ગુજરાત રાજયની બહારના મજુરો મજુરી કરવા માટે આવતા હોઈ અને મોટા ભાગે આ મજુરો કડીયાકામની મજુરી કામ માટે આવતા હોય છે. બોપલ પો.સ્ટે. વિસ્તારમાં હાલમાં ઘણી જગ્યાએ નવા મકાનોનું બાંધકામ ચાલુમાં હોઈ રાજયના તેમજ રાજય બહારના મોટા ભાગના મજુરો આ કડીયાકામની મજુરી તથા કલર કામની મજુરી માટે આવતા હોય છે. અને મજુરો જે તે સાઈટો ઉપર જ રહેતા હોય છે. આ મજુરોને આ કામ માટે જે વિસ્તારના મુકાદમો અથવા સાઈટના કોન્ટ્રાકટરો લાવતા હોય છે. પરંતુ તેઓની નોંધણી પો.સ્ટેશનમાં કરાવતા નથી. રાજયના તથા રાજય બહારના આવા મજુરો જયા રહેતા હોય છે તે જગ્યા તેમજ તેની આજુબાજુના વિસ્તારોનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને લુટ ધાડ ઘરફોડ ચોરી જેવા ગંભીર પ્રકારના ગુના આચરતા હોય છે. અગર ગંભીર પ્રકારના ગુનામાં મદદગારી કરતા હોય છે. આથી આવી પ્રવૃતિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાઈટ ઉપર આવનાર દરેક મજુર/કારીગરો ના નામ/સરનામાં અંગેની રજીસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી/ અંગુઠાનું નિશાન કોન્ટ્રાકટર દ્વારા મેળવવામાં આવે.

(૨) આ રજીસ્ટરમાં પુરુષ મજુરના ડાબા હાથના અગુઠાનું અને સ્ત્રી મજુરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મજુર/ કારીગર પોતાની સંપૂર્ણ ઓળખ નામ/ સરનામુ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચીત/ સગા/ ઓળખીતાનું નામ/સરનામુ/ ટેલીફોન / મોબાઈલ નંબરની વિગતો આ રજીસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજિયાત પણે કરાવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી કોન્ટ્રાકટરની નિયત કરવામાં આવે.

(૪) મજુર/ કારીગરના ઓળખ કાર્ડ (ચુંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ) ની ફોટો કોપી સાઈટના સ્થળે ફરજીયાત રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ કામગીરીના દરેક સાઈટ ઉપર મજુર/ કારીગરની નોંધણી કર્યા બાબતની માહિતી પોલીસ સ્ટેશનમાં નિયમીત આપવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૧૯/૦૮/૨૦૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૮/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/મોબાઈલ શોપ/એસ.આર.-૧૫૨/૨૦૨૫.—હાલના સંજોગોમાં મોબાઈલ ફોનનો ઉપયોગ ઘણો વધેલ છે અને આરોપીઓ તરફથી ગુનો કરવામાં પણ મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે. ચોરી, ઘાડ, લૂંટ, ધાક, ધમકી, ખંડણી ઉઘરાવવામાં તેમજ આતંકવાદી પ્રવૃતિ વિગેરે ગુનાઓમાં તેમજ છેડતી, રોમીયોગીરી, ફોન ઉપર બિભત્સ વર્તન તેમજ અમુક પ્રકારના સ્પેશ્યલ ગુના કરવાના ઈરાદે જુનો મોબાઈલ/ સીમક)ર્ડ ખરીદ કરી ગુજનો આચરવામાં આવે છે. આવા ગુનાઓની તપાસ દરમ્યાન IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે ત્યારે જુના મોબાઈલ/ સીમકાર્ડ ની લે-વેચ કરતા દુકાનદારોએ અજાણ્યા માણસ પાસેથી ખરીદેલાનું અગર તો અજાણ્યા માણસને વેચેલાનું જાણવા મળે છે. અને મુળ આરોપી સુધી પહોંચી શકાતું નથી તેમજ ઘરફોડ ચોરીના ગુનાઓમાં ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન વાપરનાર સુધી પહોંચવામાં આવે તે વખતે પણ મોબાઈલની દુકાનમાંથી ખરીદેદાનું જણાવે છે. અને મોબાઈલ દુકાનદારે ખરીદ કરતી વખતે મોબાઈલ ફોન વેચવા આવનારની કોઈ માહિતી નહી મળતી હોવાનું જાણવા મળે છે. જેથી જુના મોબાઈલ ફોન ખરીદનાર અને વેચનાર વેપારીઓ તથા સીમકાર્ડ વેચનાર વિક્રેતા તરફથી જુના મોબાઈલ તથા વ્યક્તિની સંપૂર્ણ માહિતી તેમજ વેચવામાં આવેલ મોબાઈલ ઈન્સ્યુમેન્ટ/ સીમકાર્ડની સંપૂર્ણ માહિતીનું રજીસ્ટર નિભાવવું ખૂબ જ જરૂરી છે. જેથી પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં મોબાઈલ ફોનના ઉપયોગથી થતી ગુનાખોરી અટકાવવા જાહેર જનતાની જાનમાલ મિલકતની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તેમજ જાહેર વ્યવસ્થાની જાળવણી હેતુ અન્વયે અત્રેના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નિયંત્રણો અમલમાં મુકવાનું મને જરૂરી જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે અમોને મળેલ અધિકારની રૂઈએ નીચે મુજબના નિયંત્રણનું અવશ્ય પાલન કરવા આથી આદેશ ફરમાવું છું.

પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારનાં વેપારીઓએ જુનો મોબાઈલ ખરીદતી અને વેચાણ વખતે મોબાઈલની વિગત, કંપની, આઈ.એમ.ઈ.આઈ. નંબર, મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર, મોબાઈલ/ સીમકાર્ડ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામા તથા સંપર્કની વિગત, આઈ.ડી.પ્રુફની વિગત, મોબાઈલ/ સીમકાર્ડ વેચનાર અને ખરીદનારના તાજેતરના ફોટા સાથેની સંપૂર્ણ વિગત સાથેનું નીચે દર્શાવેલ કોલમ મુજબનું રજીસ્ટર અલગ- અલગ નિભાવવાનું રહેશે.

જૂના મોબાઈલ ખરીદતી અને વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	મોબાઈલ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામા તથા કોન્ટેકટ નંબરની વિગત	મોબાઈલની વિગત/ કંપની	IMEI નંબર	મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર	આઈ.ડી.પ્રુફની વિગત	મોબાઈલ વેચનાર અને ખરીદનારનો તાજેતરનો ફોટો
૧	૨	૩	૪	૫	૬	૭

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ	સીમકાર્ડ નંબર અને તેનો મોબાઈલ નંબર	સીમકાર્ડ ખરીદનારનું નામ અને સરનામું	સીમકાર્ડ ખરીદનારના ફોટાવાળા આઈ.ડી.પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૧૯/૦૮/૨૦૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૮/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/હોટલ/એસ.આર.-૧૫૩/૨૦૨૫.–ગુજરાત રાજ્ય તથા અમદાવાદ શહેરમાં ભુતકાળમાં શ્રેણી બોમ્બ ધડાકા, આતંક્વાદી હુમ્લા ધ્યાને લેતા ભયજનક વ્યક્તિ/સંભવિત આતંકવાદીઓની હરકતોને અનુલક્ષીને વાહન, હોટલ, પીસીઓ, કોલ્સ સેન્ટર, સાયબર કાફે, ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન, સંવેદનશીલ જગ્યાઓ તથા દરિયા કાંઠાના ચેકિંગ દરમયાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્ર હિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકાર કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

હોટલ અને ગેસ્ટ હાઉસમાં રહેનાર મુસાફરો અને માલિકો માટે

(૧) હોટલ ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક ઈસમના તેમના જ હસ્તાક્ષરમાં રજીસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે.

(૨) આ રજીસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરુષ મુસાફરના ડાબા હાથનો અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપુર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજીસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધાવવાની જવાબદારી સાયબરકાફેના સંચાલક/ માલિકની નિયત કરવામાં આવે.

(૪) મુસાફરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું આઈ. કાર્ડ વિ.) ની સેલ્ફ એટેસ્ટેડ ફોટોકોપી સાયબરકાફેના દફતરમાં રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ હોટલો/ ગેસ્ટ હાઉસો જે તે પીસીઓ, કોલ સેન્ટર, સાયબરકાફે ઈત્યાદીના લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહી તેમજ આવી હોટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવે છે.

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ સાયબરકાફેના માલિક તેમજ મેનેજર/ તમામ કર્મચારીઓના નામ, સરનામું, નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગેરેની હકીકતો તેમજ આવી સાયબરકાફેની અન્ય સાથી (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/ મેનેજર/સંચાલકના નામ, સરનામુ, ટેલીફોન/મોબાઈલ નંબરની લેખિત માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૧૯/૦૮/૨૦૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૮/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/ધ્વનિ પ્રદૂષણ/એસ.આર.૧૫૪/૨૦૨૫.–પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ની હુકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં જાહેર સ્થળોએ સામાજિક તથા ધાર્મિક પ્રસંગો તેમજ રાજકીય પ્રસંગો દરમ્યાન ધ્વનિ પ્રદૂષણ થતુ હોવાથી ઘોંઘાટ ઉત્પન્ન કરતા સાધનો જેવા કે ડી.જે. સાઉન્ડ સિસ્ટમ પર અંકુશ લાવવું જરૂરી છે તેમજ અમદાવાદ જિલ્લાના ઉક્ત વિસ્તારમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ, સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે જરૂરી હોઈ જાહેરનામું બહાર પાડવા જરૂરી જણાય છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમકોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/ નોઈસ/ યુનિટ- ૪/ જન-પીએન-૫/ ૫૧૨૫૨/ તા.૧૪/૦૫/૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્તપન્ન કરતા અને નિપજાવતા શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ- ૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા.૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

::- નોઈઝ સ્ટાન્ડર્ડ -::

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ૦૬.૦૦ કલાક થી રાત્રીના ૨૨.૦૦ કલાક	રાત્રીના ૨૨.૦૦ કલાક થી સવારના ૦૬.૦૦ કલાક
એ	ઔધોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔધોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તા.૧૧/૦૧/૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના કલાક ૨૨:૦૦ થી સવારના કલાક ૦૬:૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્તપન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫ - ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

-:: હુકમ ::-

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું

-:: પ્રતિબંધિત કૃત્ય ::-

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક / ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર અમદાવાદ શહેરના પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ની હુકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી, સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહીં.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબીબાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો / કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન / ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે.સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

::- માઈક અને ડી.જે. સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો ::-

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે / ભાગીદારે પરવાનગી અરજી જે તે વિસ્તારના મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની કચેરીએ કરી, દિન-૭ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે. શરતોનો ભંગ થયે પરવાનગી આપોઆપ રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા / રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદાર / પરવાનગી લેવા માટે આવનાર વ્યક્તિની રહેશે.

૩. ડી.જે. સિસ્ટમના માલિક કે જે આ સિસ્ટમ ભાડે આપે છે, તેઓએ નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવાની રહેશે.

૪. પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ની હુકુમત સિવાયના અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તારની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહીં. તેમજ અવાજ નું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૫. પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૬. પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૭. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે, ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૮. માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના કલાક ૦૬:૦૦ થી રાત્રિના કલાક ૨૨:૦૦ સુધી જ થશે.

૯. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦:૦૦ થી વહેલી સવારના કલાક ૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ / વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ:- ઉપરોક્ત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦:૦૦ ના જગ્યાએ કલાક ૧૨:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૧૦. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ / અવાજ નો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ:- કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

૧૧. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ / વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૨. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી / સરકારશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં અથવા ચલાવવો નહીં.

૧૩. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ / વાજીંત્ર વાપરવા માટે મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

૧૪. ફરજ પરનાં પોલીસ અધિકારી ધ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ / વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કાર્યવાહી કરી શકશે.

--:: અમલવારીનો સમય ::-

આ જાહેરનામું તા.૧૯/૦૮/૨૦૨૫ના ૦૦.૦૦ કલાક થી તા.૧૭/૧૦/૨૦૨૫ના ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:: વિસ્તાર ::-

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

::- શિક્ષા -::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાં હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદારે, મેનેજર, સંચાલકની જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

આ હુકમ અન્વયે અમદાવાદ પોલીસ અધિક્ષશ્રી, અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીના હોદ્દા ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/સીસી ટીવી કેમેરા/એસ.આર.-૧૫૫/૨૦૨૫.—ગુજરાત રાજય તથા અમદાવાદ શહેરમાં ભૂતકાળમાં શ્રેણી બદ્ધ બોમ્બ ધડાકા કરી જાનહાની તેમજ મિલકતોને હાની પહોચાડનાર રાષ્ટ્ર વિરોધી તત્વો રાજય બહારથી આવી ખાસ કરીને ભીડભાડવાળા વિસ્તારોથી માહિતગાર થઈને વાહનો તેમજ હોટલોનો ઉપયોગ કરતા હોવાનું, તેમજ આવા તત્વો બોમ્બ ધડાકા, ચોરી, ધાડ, લૂંટના ગુનાઓ કર્યા બાદ અમુક અંતરે જઈ પેટ્રોલ પંપ ઉપર બળતણ ભરાવતા અથવા તો હોટલો પર ચા- પાણી કરતા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતા હોય છે.

જિલ્લામાં થતા આવા ગુના અટકાવવા તથા વણ શોધાયેલ ગુનાઓ શોધવા માટે મહત્વની કડી બને તે માટે પેટ્રોલ પંપો, હોટલો તેમજ જાહેર અવર જવર વાળા વિસ્તારો ઉપર જગ્યાઓ ઉપર સીસીટીવી કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડીંગ સિસ્ટમ સાથે મુકવામાં આવે તો ગુનેગારો, ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવો મૂકી શકાય આથી પેટ્રોલ પંપો, હોટલો કે જાહેર સ્થળોએ તથા ટોલપ્લાઝા ઉપર સીસીટીવી કેમેરા રેકોર્ડીંગ સીસ્ટમ સાથે રાખવાનું જરૂરી જણાતું હોઈ,

હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, (અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરૂ છેં કે, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તારની હકુમતમાં આવેલ તમામ પેટ્રોલ પંપ, શોપિંગ સેન્ટર, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટ હાઉસ, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગ, વધારે ભીડભાડવાળા વિસ્તારો તેમજ ટોલપ્લાઝાના માલિકો/ ઉપભોગતા/ વહીવટ કર્તાઓ એ ગાડીના નંબર દેખાય, ડ્રાઇવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થાય, આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે અને ૧૫- દિવસ સુધી રેકર્ડીંગ રહી શકે તેવી વ્યવસ્થા સાથેના સીસીટીવી કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડીંગ સીસ્ટમ સાથે પુરતા પ્રમાણમાં ગોઠવવા આથી હુકમ કરુ છું.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૧૯/૦૮/૨૦૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૮/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

-: જાહેરનામું :-

વંચાણે લીધુ :- પો.ઈન્સ. એલ.આઈ.બી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામું/૫૭૨૧/૨૦૨૫ તા.૧૬/૦૮/૨૦૨૫

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

નં.ડીસી/એમએજી/જાહેરનામા/ઓટો રીક્ષા/કેબ/ટેક્ષી/એસ.આર.૧૫૬/૨૦૨૫.–અમદાવાદ શહેર ઔધોગિક રીતે વિકસીત શહેર છે.જેથી શહેરમાં માર્ગો મારફતે જાહેર જનતાની અવર જવર મોટા પ્રમાણમાં થતી રહે છે. શહેરમાં આવતા જતા મુસાફરો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીનો બહોળો ઉપયોગ કરે છે. ભુતકાળમાં ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતા નાગરીકો સાથે છેતરપીડી, ખીસ્સા કાતરવા, મોબાઈલ ચોરી અન્ય કિંમતી સામાનની ચોરી, ચીલઝડપ, લુંટ/ઘાડ, મહીલા/બાળકોની છેડતી અને અપહરણ જેવા ગંભીર પ્રકારના બનાવો બનવા પામેલ છે. આવા બનાવોમાં ભોગ બનનાર નાગરીકો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના નંબર જાણતા નહી હોવાના કારણે ગુન્હાઓ વણશોધાયેલ રહે છે.

ઉપરોક્ત હકિકતો અને સૂચનો ધ્યાને લેતાં, અમદાવાદ ગ્રામ્યની હદ વિસ્તારમાં ચાલતી તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતાં મુસાફરો સહેલાઈથી જોઈને વાંચી શકે તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે વાહન નંબર, વાહન માલિકનું નામ તેમજ અમદાવાદ ગ્રામ્ય પોલીસ કંટ્રોલના નંબરો અને હેલ્પ લાઈન નંબરી ફરજીયાતપણે ઓઈલ પેઈન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાય નહી તે પ્રકારનું લખાણ) લખવા, એ બાબતેનું જાહેરનામું બહાર પાડવાની જરૂર જણાય છે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ)

જેથી ઉપરોક્ત જણાવેલ વિગતો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના વાહન ચાલકની સીટ પાછળ દર્શાવવાથી લોકોના જાન અને સલામતીને થતુ જોખમ નિવારવા અને લોકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર જાહેર હિતમાં હું, બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ મને મળેલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અંતર્ગતની સત્તા અન્વયે નીચે મુજબની બાબતોનો તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના ચાલક તથા માલિક દ્વારા પાલન થાય તે માટેનો હુકમ કરૂ છું.

-: હુકમ :-

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં દરેક રિક્ષા ચાલકે નજીકના પોલીસ સ્ટેશન ખાતે પોતાનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેમજ પોલીસ સ્ટેશન ખાતેથી રજીસ્ટ્રેશન નંબર ઈસ્યુ કરવામાં આવે તે નંબર સરળતાથી લોકો તથા પેસેન્જર જોઈ શકે તે રીતે રીક્ષાની અંદરના ભાગે તથા બહારના ભાગે આગળ પાછળ બન્ને બાજુ પ્રદર્શિત કરવાનું રહેશે. ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનું સંચાલન કરતા ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનાં સંચાલકો માલિકે વાહનમાં પેસેન્જર બેસવાની જગ્યાથી નજર સામે સ્પષ્ટ દેખાય તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે અંગ્રેજી ભાષામાં વાહન નંબર, વાહન માલિકનું નામ, વાહન ચાલકનું નામ તેમજ અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલના નંબરો અને હેલ્પ લાઈન નંબરો ૧૨ ઈંચ×૧૦ ઈંચની સાઈઝના બોર્ડ ઉપર આશરે ૧૩ m.m. એટલે કે કોમ્પ્યુટરની ૫૦ ની ફોન્ટ સાઈઝ તથા રજીસ્ટ્રેશન માહિતી નંબરની વચ્ચેની જગ્યા (સ્પેસ આશરે 30 m.m. ની રાખી ફરજીયાતપણે ઓઈલ પેઈન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાંય નહી તે પ્રકારનું લખાણ) નીચે મુજબનું રહેશે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ) ડ્રાઈવર સીટના પાછળના ભાગે નીચે મુજબના ફોરમેટમાં જણાવ્યા મુજબની માહિતી લગાવવાની રહેશે. ડ્રાઈવરની સીટની પાછળના ભાગે નીચે મુજબની માહિતી ફરજિયાત ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં માહીતી દર્શાવવાની રહેશે.

ગુજરાતી	English
ફોટોગ્રાફ	Photograph
ડ્રાઈવરનું નામ :	Driver's name :
મોબાઈલ નંબર :	Mobile number :
સરનામું :	Address :
વાહન રજી. નં.	Vehicle registration number :
રીક્ષા માલીકનું નામ :	Rickshaw owner's name :
મોબાઈલ નંબર	Mobile number :
સરનામું :	Address :
પોલીસ રજીસ્ટ્રેશન નંબર :	Police registration number :

નોંધણી થયેલ પોલીસ સ્ટેશન	Registered police station :
પોલીસ હેલ્પ લાઈન નંબર-૧૦૦ તથા	Police help line number-100 and
વુમન હેલ્પ લાઈન નંબર-૧૦૯૫ તથા	Women help line number-1095 and
ટ્રાફીક હેલ્પ લાઈન નંબર-૧૮૧	Traffic help line number-181

-: અમલવારીનો સમય :-

આ હુકમ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના વિસ્તારમાં ભારતીય નાગરિક સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમય મર્યાદાને આધિન બે માસ માટે એટલે કે તા.૧૯/૦૮/૨૦૨૫ ના રાત્રી કલાક ૦૦/૦૦ થી તા.૧૭/૧૦/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ તા.૧૮/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

વંચાણે લીધુ :-

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, સહાયક પ્રાદેશિક અધિકારીશ્રીની કચેરી, અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે, અમદાવાદ (ગ્રામ્ય), બાવળા, અમદાવાદના તા.૧૬/૦૫/૨૦૨૪ના પત્ર ક્રમાંક નં.એઆરટીઓ/અનઅધિકૃત વ્યક્તિ/પ્રવેશબંધ/૩૭૬.

-: જાહેરનામું :-

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું

નં.ડીસી/એમએજી/જાહેરનામા/અનઅધિકૃત વ્યક્તિ/પ્રવેશબંદ/એસ.આર.-૧૫૭/૨૦૨૫ .–અમદાવાદ જિલ્લાની પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી(આર.ટી.ઓ. કચેરી), રાજકોટ નેશનલ હાઈવે, બાવળા, અમદાવાદ ખાતે આવેલ છે. . સદરહું કચેરીમાં દરરોજ મોટા પ્રમાણમાં નાગરીકો, અરજદારો અલગ અલગ કામ માટે જેવા કે વાહનોના લાયસન્સ સબંધિત કામગીરી, વાહનની નોંધણી, નોંધણી બાદની કાર્યવાહી, ટેક્ષ ભરવાની કાર્યવાહી, પરમીટ સંબંધિત કામગીરી માટે આવતા હોય છે. આર.ટી.ઓ કચેરીઓમાં તા.૦૧/૦૭/૧૯૮૯ થી કાયદેસર એજન્ટ પ્રથા નથી આમ છતાય ઘણીવાર અરજદારો/નાગરીકોને ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરી આપવાનું જણાવી કેટલાક અન-અધિકૃત ઈસમો/વ્યકિતઓ ધ્વારા કચેરીની અંદર પ્રવેશ કરી કચેરીમાં કામગીરી અર્થે આવતા અરજદારો/નાગરિકોને ઉલટી-સીધી વાતો કરી ભોળવીને/લલચાવીને તેમજ મોટરીંગ પબ્લીકને ગેરમાર્ગે દોરીને સરકારશ્રીની નિઃશુલ્ક સેવાઓ કે નિયત દરની મોટરીંગ સેવાઓ ઉપરાંતનો વધારાનો ચાર્જ ગેરકાયદેસર રીતે વસુલવામાં આવતું હોવાનું તથા જાહેર જનતાના પૈસા લઈ ભાગી જતા હોવાનું તથા છેતરપીડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ હોઈ વંચાણે લીધેલ આમુખથી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય ધ્વારા જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત સાદર કરેલ છે.

જેથી આવી પ્રવૃત્તિ અટકાવવા સારૂ તેમજ મોટરીંગ પબ્લીકનું કામ સરળ અને નિયમોનુસાર ઝડપી થાય અને મોટરીંગ પબ્લીક લેભાગુ તત્વોથી છેતરાય નહીં અને બિનઅધિકૃત વ્યક્તિઓને કચેરીમાં અડચણરૂપ ન બને તો કર્મચારીઓ/અધિકારીઓ સ્વસ્થ ચિત્તે, ભયની લાગણી વગર ધારાધોરણ મુજબની કામગીરી તટસ્થતાપૂર્વક નિભાવી શકે અને સારા વાતાવરણમાં કાર્ય કરી શકે તે માટે અનઅધિકૃત વ્યકિત અથવા વ્યકિતઓની ટોળીને પ્રવેશતા અટકાવવા, ઉભા રહેવા તથા ઉપર દર્શાવેલ મુજબની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા અટકાવવા તથા આવી પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ મુકવો જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪)થી મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ હુકમ ફરમાવું છુ.

-: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર અને પ્રવૃત્તિ:-

મોજે.બાવળા, તા.અમદાવાદ ખાતે આવેલ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી (આર.ટી.ઓ કચેરી)ના મકાન સહિત સમગ્ર કમ્પાઉન્ડ વિસ્તારમાં, આ કચેરીમાં કામ કરતા સરકારી અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ, પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તેવા અરજદારો/નાગરિકો સિવાયના અનઅધિકૃત વ્યક્તિ અથવા વ્યકિતઓની ટોળીને પ્રવેશતા અટકાવવા, ઉભા રહેવા તથા ઉપર દર્શાવેલ મુજબની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા અટકાવવા તથા આવી પ્રવૃત્તિઓ કરવા ઉપર

-: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો :-

આ હુકમ તા.૧૯/૦૮/૨૦૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

-: જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ :-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ જાહેર હુકમની વ્યકિતગત રીતે બજવણી શકય ન હોઈ એક તરફી ફરમાવવામાં આવે છે અને સંબંધિત તંત્ર ધ્વારા જાહેર પ્રસિધ્ધિ કરવામાં આવશે.

આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે..

આજ તા.૧૮/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/ભંગારીયા ધંધો/એસ.આર.-૧૫૮/૨૦૨૫.—અમદાવાદ ગ્રામ્ય જિલ્લો અમદાવાદ શહેરને અડીને આવેલો છે. જેના કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો અમદાવાદ શહેરને સંલગ્ન છે. તેમજ અત્રેના જિલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ એરીયા આવેલ હોય જેમાં બોપલ, સાણંદ, સાણંદ જી.આઈ.ડી.સી., વિરમગામ જી.આઈ.ડી.સી, અસલાલી જી.આઈ.ડી.સી, ચાંગોદર જી.આઈ.ડી.સી., બાવળા જી.આઈ.ડી.સી. આવેલ છે. અમદાવાદ શહેરની બોર્ડર ઉપર આવેલ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના પો.સ્ટે. વિસ્તારમાં ધાડ, લુંટ, ધરફોડ ચોરી, ચોરી જેવા મિલ્કત સંબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. જે મિલ્કત સંબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ ભંગારનો ધંધો કરતા માણસો હોય છે. મોટા ભાગના ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો બહારના રાજ્યોના વતનીઓ હોય છે અને આવા ઈસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતા રહેતા હોય છે જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ચોરી, ધાડ, લુટ, મિલકત સંબંધી ગુનાઓમા સંડોવાયેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અમદાવાદ જિલ્લા વિસ્તારમા ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો ઉપર કાયદાકીય અને વ્યાજબી નિયંત્રણ જરૂરી છે. જે અર્થે તેઓ પોતાનો ધંધો કરે પરંતુ અમુચ ચોક્કસ શરતોને ધ્યાને રાખીને અને તેનુ પાલન કરીને કરે જેથી કાયદો અને વ્યવસ્થાની પ્રક્રિયામાં અડચણરૂપ ન બને તે માટે ચોક્કસ શરતોનું ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો દ્વારા પાલન થાય તે માટે જાહેરનામુ પ્રસિધ્ધ કરવું જરૂરી છે. તેથી નીચે મુજબની શરતો તમામ ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો પાલન કરીને ધંધો કરે/કરાવે તે જરૂરી છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા હુકમ બહાર પાડું છું.

(૧) ભંગારનો ધંધો કરતા ઈસમો જે જગ્યાએ ધંધો કરે છે. તે જગ્યા જો પોતાની માલિકીની હોય તો માલીકી પણાના દસતાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડાકરાર કરીને રાખવાના રહેશે અને જમીનના માલીકનું ધંધા અંગેનું સંમતીપત્ર મેળવવાનું રહેશે. તેમજ ગેરકાયદેસર જમીનમા; ભંગારનો ધંધો કરી શકશે નહીં.

(૨) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે મુળ વતની હોય ત્યાથી પોલીસ કલીયરન્સ સર્ટી. લાવીને રાખવુ તેમજ જે જગ્યાએ હાલમાં રહેતા હોય ત્યાંનું પણ પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાનું રહેશે.

(૩) ભંગારના ધંધામાં જેટલા માણસો કામે રાખેલ હોય તેઓના મુળ વતનના તેમજ જયાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાના રહેશે.

(૪) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમા આઈ.ડી. પ્રુફની નકલ આપવાની રહેશે.

(૫) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ કોઈ ગુનાને લગતો અથવા શક પડતો મુદ્દામાલ તેઓના ઉપર આવે ત્યારે તુરંત જ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

(૬) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે. તે વ્યક્તિના આઈ.ડી.પ્રુફ વિગત તથા જથ્થાની વિગત વર્ણન સાથે તથા તેના કોન્ટેકટ નંબરની માહિતી દર્શાવતુ રજીસ્ટર નિભાવવાનું રહેશ.

(૭) જયારે કોઈપણ વાહન વેચાવવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી.બુક વિના વેચાણ કે ખરીદ કરી શકશે નહી તથા આવા વાહનના એન્જીન નંબર તથા ચેચીસ નંબર અને રજીસ્ટ્રેશન સાથેની માહિતીની તાત્કાલીક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૮) આ જાહેરનામુ બહાર પડયા પછી તેની શરતોનો ભંગ થવાની પોલીસ અધિકારી જરૂરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૧૯/૦૮/૨૦૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૮/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણે લીધું :-

(૧) કાર્યપાલક ઈજનેર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, સી-બ્લોક, સાતમો માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ ના પત્ર ક્રમાંક એનએચડી/પીબી/૨૦૭૦/૨૦૨૫, તા.૧૧/૦૭/૨૫.

(૨) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી. અમદાવાદ ગ્રામ્યના તા.૧૧/૦૭/૨૦૨૫ના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./જાહેરનામું/૫૦૮૦/૨૦૨૫.

(૩) કાર્યપાલક ઈજનેર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, સી-બ્લોક, સાતમો માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ ના પત્ર ક્રમાંક એનએચડી/પીબી/૨૦૮૯/૨૦૨૫, તા.૧૩/૦૭/૨૫.

(૪) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી. અમદાવાદ ગ્રામ્યના તા.૧૩/૦૭/૨૦૨૫ના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./જાહેરનામું/૫૧૦૪/૨૦૨૫.

(૫) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી. અમદાવાદ ગ્રામ્યના તા.૨૯/૦૭/૨૦૨૫ના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./જાહેરનામું/૫૩૭૭/૨૦૨૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (ખ) અન્વયે.

નં.ડીસી/એમએજી/ભોગાવો બ્રિજ ડાયવર્ઝન/એસ.આર.૧૪૨/૨૦૨૫.–કાર્યપાલક ઈજનેર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદ દ્વારા ઉપર્યુકત તા.૧૧/૦૭/૨૫ અને તા.૧૩/૦૭/૨૦૨૫ના પત્રમાં જણાવ્યા મુજબ, તેઓના વિભાગ હસ્તકના અમદાવાદ-બાવળા-બગોદરા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ચેઈનેજ ૧૧૫+૨૫૦ થી ૧૧૭+૩૦૦ વચ્ચે ભોગાવો નદી ઉપર આવેલ ભોગાવો બ્રિજ (મેજર બ્રિજ) અંદાજે સને ૧૯૭૫માં બનાવામાં આવેલ છે. સદર બ્રિજ બિસ્માર હાલતમાં હોઈ તેની પર ભારે વાહનોની અવર જવર પ્રતિબંધીત કરવા જણાવેલ છે.

અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૪૭માં અમદાવાદ થી રાજકોટ જતા ભોગાવો નદી પર આવેલ નવીન બ્રિજની એપ્રોચની કામગીરી પ્રગતિ હેઠળ છે. સદર એપ્રોચની કામગીરી દરમ્યાન ટ્રાફિકનું વહન એક જ લેન માં કરવાનું હોઈ તેમજ એપ્રોચનું માટીકામ વરસાદી ઋતુ હોઈ ટ્રાફિક પર પડવાની શક્યતા હોય ટ્રાફિકની સલામતી જોખમાવા ની શક્યતા રહેલ છે. જેથી વરસાદી ઋતુ દરમિયાન સલામતીને ધ્યાને લઈને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે સારુ અમદાવાદ થી રાજકોટ જતા ભોગાવો બ્રિજ પરના ટ્રાફિકને તા.૦૧/૦૮/૨૦૨૫ થી ૩૦/૦૮/૨૦૨૫ સુધી કુલ દિન ૩૦ ના સમયગાળા સુધી પ્રતિબંધિત જાહેરનામું ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (ખ) મુજબનું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (ખ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા.૦૧/૦૮/૨૦૨૫ થી ૩૦/૦૭/૨૦૨૫ સુધી કુલ દિન ૩૦ ના સમયગાળા માટે અથવા કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી નીચે મુજબની વ્યવસ્થાનું પાલન કરવા જણાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર	વૈકલ્પિક રૂટ
અમદાવાદ-બાવળા-બગોદરા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ચેઈનેજ ૧૧૫+૨૫૦ થી ૧૧૭+૩૦૦ વચ્ચે ભોગાવો નદી ઉપર આવેલ ભોગાવો બ્રિજ (મેજર બ્રિજ)	રાજકોટ થી અમદાવાદ આવતા નવીન ભોગાવો બ્રિજ પર

આ જાહેરનામું અમલમાં આવ્યેથી નીચે મુજબની અમલવારી પણ વાહન ચાલકોએ કરવાની રહેશે.

(૧) ડાયવર્ઝન આપેલ માર્ગ પર તમામ વાહનોને ઓવરટેક કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

(૨) ડાયવર્ઝન આપેલ માર્ગ પર ભારે વાહનો ડાબી સાઈડમાં તથા નાના વાહનો જમણી બાજુએ જ ચલાવવા ફરમાવવામાં આવે છે.

(૩) આ જાહેરનામું અમલમાં રહે ત્યાં સુધી સદર જગ્યાએ કોઈપણ વાહન રોડ ઉપર ઉભુ રાખી શકાશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીના હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૩૧૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૧/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

બી. આર. સાગર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

-:: જાહેરનામું ::-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું. :-

નં.એમએજી/જીપીએ/જાહેરનામું/વશી/૧૨૦૫/૨૦૨૫.–મહીસાગર જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા,રેલી,સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/ તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ હડતાળ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા કે સરઘસ/રેલી કાઢવા ઉપર મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું સી. વી. લટા (જી.એ.એસ.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/ સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૭/૨૦૧૯થી મળેલ સત્તાની રૂએ નીચે અનુસૂચિ માં દર્શાવેલ વિસ્તારમાં આ જાહેરનામાં અન્વયે તા.૨૦/૦૮/૨૦૨૫ના કલાક ૦૦:૦૦ કલાકથી તા.૦૩/૦૯/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે અનધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યક્તિએ /વ્યક્તિઓને એકી સાથે કોઈ પણ જગ્યાએ ૪(ચાર) થી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભુખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર માટે મનાઈ ફરમાવું છું.

-:: અનુસૂચિ ::-

"જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા,બાલાસિનોર, વિરપુર,સંતરામપુર,કડાણા તથા ખાનપુર(બાકોર), તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયાનો વિસ્તાર"

આ જાહેરનામું નીચેની વ્યક્તિઓ/બાબતોને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.
(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.
(૪) અત્રેથી/સક્ષમઅધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.
(૫) સરકારશ્રી ધ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે અને ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલના દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરુધ્ધ લેખિત ફરીયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વાંચાણે લીધું ::-

(૧) અરજદાર પ્રમુખશ્રી, શ્રી વિશા નીમા શ્વેતામ્બર જૈન સંઘ ટ્રસ્ટ, લુણાવાડાની તા.૨૦/૦૮/૨૦૨૫ ની રજુઆત

(૨) સંયુક્ત સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય-ગાંધીનગરનો પત્ર નં.UDD/HD/0479/08/2025 Dated.13/08/2025

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.એમએજી/પર્યુષણ/જાહેરનામુ/વશી/૧૨૧૨/૨૦૨૫.–આગામી તા.૨૦/૦૮/૨૦૨૫ થી તા.૨૮/૦૮/૨૦૨૫ દરમિયાન પર્યુષણ તહેવારની ઉજવણી થનાર છે. પર્યુષણ તહેવાર દરમ્યાન જૈન સમાજ તરફથી ધાર્મિક લાગણીઓ ન દુ:ભાય તે અંગે પશુ હિંસા અટકાવવા કતલખાના,

માંસ-મટન ઈંડાની દુકાનો બંધ રાખવા માટે શ્રી વિશા નીમા શ્વેતામ્બર જૈન સંઘ ટ્રસ્ટ, લુણાવાડા સંસ્થા તરફથી રજુઆત કરવામાં આવેલ છે. સદર બાબતે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના આમુખ-૨ના પત્રથી પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે, જેથી પર્યુષણના તહેવાર દરમ્યાન લોકોની ધાર્મિક લાગણી ન દુ:ભાય તે હેતુથી નીચે મુજબના પગલાં લેવા પુરતા કારણો છે.

વાસ્તે, હું સી. વી. લટા (જી.એ.એસ.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ તા.૨૦/૦૮/૨૦૨૫ થી તા.૨૮/૦૮/૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી સમગ્ર મહીસાગર જિલ્લામાં નીચે મુજબના પ્રતિબંધો ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) ઉપરોક્ત તારીખો દરમ્યાન મહીસાગર જિલ્લામાં આવેલ અધિકૃત કતલખાનાની બહાર કોઈ જાહેર સ્થળે જ્યાં બહારથી જોઈ શકાય તે રીતે ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, પાડી, બકરા વિગેરે કોઈપણ પશુ કે પક્ષીની કતલ કરવી નહી અથવા આ વિસ્તારની હદની અંદર કોઈ શેરીમાં/જાહેર સ્થળોમાં કે ખાનગી રીતે અન્ય પશુની કતલ કરવી નહી. .

(૨) પરવાનેદાર, મટનનો ધંધો કરતા બુચર્સ, દુકાનો તથા કતલખાનાઓએ જાહેર કે ખાનગીમાં વેપાર કરવો નહી.

(૩) તમામ કતલખાના તથા ઈંડા-માંસ, મચ્છીની દુકાનો ઉપરોક્ત સમયગાળામાં બંધ રાખવાના રહેશે.

આ જાહેરનામા અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

સી. વી. લટા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
મહીસાગર-લુણાવાડા.

સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી દ્વારા

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા:-૦૮/૦૯/૨૦૧૫

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ, તા:-૨૪/૦૧/૨૦૨૨

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, ભરૂચના પત્ર નં.એચ.ક્યૂ.એ/૧૨૬ જાહેરનામુ/૨૦૨૫ તા.૨૩/૦૭/૨૦૨૫

જાહેરનામુ:

નં.વહટ-/L.R.C.૧૨૬ જાહેરનામું/સ્વામિત્વ/રાયસીંગપુરા/ઝગડીયા/૨૦૨૫.–ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ-SVAMITVA SCHEME (survey of villages and mapping with improvised technology in village areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ ના ઠરાવથી દરેક જિલ્લાના હેડક્વાર્ટર તાલુકાના પરિશિષ્ટ-૧ મુજબના કુલ-૨૨૯૪ ગામોની પસંદગી કરવામાં આવેલ છે. આ ગામોમા મહેસુલી સરવે દાખલ કરવા જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલ સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ની વિગતે મોજે:-રાયસીંગપુરા તાલુકો:-ઝગડીયા, જિલ્લો.-ભરૂચમાં ડી.ઈ.લે.રેશ્રી, ભરૂચ દ્વારા તૈયાર કરેલ વંચાણ-૩ની દરખાસ્ત અનુસંધાને આ સાથેના પરિશિષ્ટ-અ (ખેતી)માં (૦૦-૦૦-૦૦ હે.આરે.ચોમી.) પરિશિષ્ટ-બ (બિનખેતી)માં (૦૦-૦૦-૦૦ હે.આરે.ચોમી.), પરિશિષ્ટ-ક(ગામતળ)માં (૬-૨૬-૭૪ હે.આરે.ચોમી.) મળી કુલ ક્ષેત્રફળ ૬-૨૬-૭૪ હે.આરે.ચો.મી. વિસ્તારની જમીનોને તેમાં સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

પત્રક -અ								
અ.નં	જિલ્લો	તાલુકો	ગામનું નામ	સર્વે/બ્લોક નં.	ક્ષેત્રફળ ચોમી.	ખરાબો ચોમી	લાયક ચોમી.	રીમાર્ક્સ
1	ભરૂચ	ઝગડીયા	રાયસીંગપુરા	-	0	0	0	
				કુલ	0	0	0	

પત્રક -બ								
અ.નં	જિલ્લો	તાલુકો	ગામનું નામ	સર્વે/બ્લોક નં.	ક્ષેત્રફળ ચોમી.	ખરાબો ચોમી	લાયક ચોમી.	રીમાર્ક્સ
1	ભરૂચ	ઝગડીયા	રાયસીંગપુરા	-	0	0	0	
				કુલ	0	0	0	

પત્રક -ક								
અ.નં	જિલ્લો	તાલુકો	ગામનું નામ	સર્વે/બ્લોક નં.	ક્ષેત્રફળ ચોમી.	ખરાબો ચોમી	લાયક ચોમી.	રીમાર્ક્સ
૧	ભરૂચ	ઝગડીયા	રાયસીંગપુરા	૧	૩-૭૨-૪૫	૩-૭૨-૪૫	00-00-00	ગામતળ
૨	ભરૂચ	ઝગડીયા	રાયસીંગપુરા	૨૯	૦-૨૬-૧૭	૦-૨૬-૧૭	00-00-00	ગામતળ
૩	ભરૂચ	ઝગડીયા	રાયસીંગપુરા	૩૧૩	00-૪૨-૭૫	00-૪૨-૭૫	00-00-00	ગૌચર ગ્રામપ્રંચાયત
૪	ભરૂચ	ઝગડીયા	રાયસીંગપુરા	૩૧૬	00-૪૬-૫૭	00-૪૬-૫૭	00-00-00	ગૌચર ગ્રામપ્રંચાયત
૫	ભરૂચ	ઝગડીયા	રાયસીંગપુરા	૩૧૭	00-૮૩-૮૫	00-૮૩-૮૫	00-00-00	ગામતળ ગંભાણ
૬	ભરૂચ	ઝગડીયા	રાયસીંગપુરા	૩૧૮	00-૩૭-૨૮	00-૩૭-૨૮	00-00-00	ગામતળ ગંભાણ
૭	ભરૂચ	ઝગડીયા	રાયસીંગપુરા	૩૧૯	00-૧૭-૬૭	00-૧૭-૬૭	00-00-00	ગૌચર ગ્રામપ્રંચાયત
				કુલ	૬-૨૬-૭૪	૬-૨૬-૭૪	00-00-00	

અ,બ,ક તારીજ :-

	ક્ષેત્રફળ ચોમી.	ખરાબો ચોમી.	લાયક ચોમી.	રીમર્ક્સ
પત્રક-અ	00-00-00	00-00-00	00-00-00	-
પત્રક-બ	00-00-00	00-00-00	00-00-00	-
પત્રક-ક	૬-૨૬-૭૪	૬-૨૬-૭૪	00-00-00	ગામતળ
કુલ ક્ષેત્રફળ	૬-૨૬-૭૪	૬-૨૬-૭૪	00-00-00	-

ખેતરવાર પત્રક

ગામ :	રાયસીંગપુરા						તાલુકો:	ઝગડિયા			જિલ્લો:	ભરૂચ			
ક્રમ નબર	સરવે નંબર / બ્લોક નંબર	હિસ્સા ભાગ	શીટ નંબર	ચાલતા નંબર	ક્ષેત્રફળ(હેકટર—આરે—ચો.મી.) કુલ ક્ષેત્રફળ	ખરાબો	લાયક જમીન	નકકી કરેલ આકરની કિંમત	જમીન ની જાત	મુખ્ય સત્તાનો પ્રકાર	જમીન ધારણ કર્તાનુ નામ	જમીનના ભાગના જમીન નું નામ	જમીન ઉપર બેંક લોન	જૂનો સરવે નંબર / બ્લોક નંબર	નોંધ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)	(૧૧)	(૧૨)	(૧૩)	(૧૪)	(૧૫)	(૧૬)
1	1			9001	3-72-45	3-72-45	0-00-00	0.00	28 - ગામતળ	1 - જુની શરત (જુ.શ)	ગામતળ	ગામતળ		9001	
2	2			1	0-20-14	0-00-00	0-20-14	1.70	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.શ)	જશભાઇ મોતીભાઇ,ઝવેરભાઇ મોતીભાઇ,નરેન્દ્રભાઇ છગનભાઇ	જશભાઇ મોતીભાઇ,ઝવેરભાઇ મોતીભાઇ,નરેન્દ્રભાઇ છગનભાઇ		1	
3	3			2	0-30-04	0-00-00	0-30-04	2.80	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.શ)	કોકીલાબેન બાબુભાઈ,માલતીબેન બાબુભાઈ,મુકેશચંદ્ર બાબુભાઈ,શકુન્તલાબેન બાબુભાઈ,પ્રતિમાબેન બાબુભાઈ	કોકીલાબેન બાબુભાઈ,માલતીબેન બાબુભાઈ,મુકેશચંદ્ર બાબુભાઈ,શકુન્તલાબેન બાબુભાઈ,પ્રતિમાબેન બાબુભાઈ		2	
4	4			3	0-29-05	0-00-00	0-29-05	2.45	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.શ)	દેશાઈ સુરેશભાઈ મંગળભાઈ	દેશાઈ સુરેશભાઈ મંગળભાઈ		3	
5	5			4	0-49-53	0-02-00	0-47-53	4.00	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.શ)	દેસાઈ રાજેન્દ્રકુમાર ચંદ્રકાંત	દેસાઈ રાજેન્દ્રકુમાર ચંદ્રકાંત		4	
6	6			5	0-12-03	0-00-00	0-12-03	1.20	1 - ખેતીલાયક ઉપયોગ	4 - ૭૩એએ	વસાવા દિનેશભાઇ ભાયલાલ,વસાવા અમૃતભાઇ ભાયલાલ,વસાવા મણીલાલ ભાયલાલ,વસાવા સ.ભગવતીબેન ભાયલાલ,સગીર ના વાલી જશવંતીબેન,ભાયલાલ ની વિધવા,જશુબેન અરવિંદભાઈ ભાઈલાલની વિધવા,સ.સુનિલભાઈ અરવિંદભાઈના વાલી જશુબેન,સ.સંગીતાબેન અરવિંદભાઈના વાલી જશીબેન,સ.શિલાબેન અરવિંદભાઈ ના વાલી જશીબેન,લક્ષ્મીબેન મગનભાઈ ભાયલાલની વિધવા,ભારતીબેન મગનભાઈ,ઉર્મીલાબેન મગનભાઈ,ગેમલભાઈ મગનભાઈ,શનીબેન ભાયલાલ વસાવા	વસાવા દિનેશભાઇ ભાયલાલ,વસાવા અમૃતભાઇ ભાયલાલ,વસાવા મણીલાલ ભાયલાલ,વસાવા સ.ભગવતીબેન ભાયલાલ,સગીર ના વાલી જશવંતીબેન,ભાયલાલ ની વિધવા,જશુબેન અરવિંદભાઈ ભાઈલાલની વિધવા,સ.સુનિલભાઈ અરવિંદભાઈના વાલી જશુબેન,સ.સંગીતાબેન અરવિંદભાઈના વાલી જશીબેન,સ.શિલાબેન અરવિંદભાઈ ના વાલી જશીબેન,લક્ષ્મીબેન મગનભાઈ ભાયલાલની વિધવા,ભારતીબેન મગનભાઈ,ઉર્મીલાબેન મગનભાઈ,ગેમલભાઈ મગનભાઈ,શનીબેન ભાયલાલ વસાવા		5	બિન ખેતીના હેતુ માટે
7	7			6	0-01-00	0-00-00	0-01-00	0.15	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.શ)	પ્રકાશભાઈ ચીમનભાઈ દેશાઈ,નીલેશભાઈ ચીમનભાઈ દેશાઈ	પ્રકાશભાઈ ચીમનભાઈ દેશાઈ,નીલેશભાઈ ચીમનભાઈ દેશાઈ		6	
8	8			7	0-04-00	0-00-00	0-04-00	0.40	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.શ)	દેશાઈ સુરેશભાઈ મંગળભાઈ	દેશાઈ સુરેશભાઈ મંગળભાઈ		7	
9	9			8	0-04-06	0-00-00	0-04-06	0.40	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.શ)	નરેન્દ્રભાઇ છગનભાઇ દેશાઈ	નરેન્દ્રભાઇ છગનભાઇ દેશાઈ		8	
10	10			9	0-03-13	0-00-00	0-03-13	0.35	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.શ)	કોકીલાબેન બાબુભાઇ દેશાઈ	કોકીલાબેન બાબુભાઇ દેશાઈ		9	
11	11			10	0-06-96	0-02-00	0-04-96	0.35	1 - ખેતીલાયક ઉપયોગ	4 - ૭૩એએ	વસાવા બાઇ કાશી ફરીયા,ગુણીયાની દિકરી	વસાવા બાઇ કાશી ફરીયા,ગુણીયાની દિકરી		10	

ગામ :	રાયસીંગપુરા						તાલુકોઃ	ઝગડિયા				જિલ્લોઃ	ભરૂચ			
ક્રમ નબર	સરવે નંબર / બ્લોક નંબર	હિસ્સા ભાગ	શીટ નંબર	ચાલતા નંબર	ક્ષેત્રફળ(હેકટર—આરે—ચો.મી.) કુલ ક્ષેત્રફળ	ખરાબો	લાયક જમીન	નકકી કરેલ આકરની કિંમત	જમીન ની જાત	મુખ્ય સત્તાનો પ્રકાર	જમીન ધારણ કર્તાનુ નામ	જમીનના ભાગના જમીન નું નામ	જમીન ઉપર બેંક લોન	જૂનો સરવે નંબર / બ્લોક નંબર	નોંધ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)	(૧૧)	(૧૨)	(૧૩)	(૧૪)	(૧૫)	(૧૬)
25	25			34	0-82-33	0-04-00	0-78-33	7.10	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.૨)	અનિમિશકુમાર જશભાઇ,ધર્મેન્દ્રકુમાર જશભાઇ	અનિમિશકુમાર જશભાઇ,ધર્મેન્દ્રકુમાર જશભાઇ		31	
26	26			21	0-32-02	0-00-00	0-32-02	2.95	1 - ખેતીલાયક ઉપયોગ	4 - ૭૩એએ	વસાવા ઉકડીયા મીઠીયા,વસાવા રમેશભાઇ મીઠીયા,વસાવા જેંતીભાઇ મીઠીયા,વસાવા સીવલીબેન મીઠીયા,વસાવા શાંતીબેન મીઠીયા,વસાવા રતીલાલ મીઠીયા,વસાવા ભરતભાઇ મીઠીયા,સગીર ના વાલી મણીબેન તે.મીઠીયા માધિયાની વિધવા	વસાવા ઉકડીયા મીઠીયા,વસાવા રમેશભાઇ મીઠીયા,વસાવા જેંતીભાઇ મીઠીયા,વસાવા સીવલીબેન મીઠીયા,વસાવા શાંતીબેન મીઠીયા,વસાવા રતીલાલ મીઠીયા,વસાવા ભરતભાઇ મીઠીયા,સગીર ના વાલી મણીબેન તે.મીઠીયા માધિયાની વિધવા		21	
27	27			19	0-20-02	0-00-00	0-20-02	2.20	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.૨)	દેશાઇ સુરેશભાઇ મંગળભાઇ	દેશાઇ સુરેશભાઇ મંગળભાઇ		19	
28	28			18	0-20-17	0-02-00	0-18-17	1.80	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.૨)	કોકીલાબેન બાબુભાઇ દેશાઇ	કોકીલાબેન બાબુભાઇ દેશાઇ		18	
29	29			9002	0-26-17	0-26-17	0-00-00	0.00	28 - ગામતળ	1 - જુની શરત (જુ.૨)	ગામતળ	ગામતળ		9002	
30	30			36	0-34-36	0-04-00	0-30-36	3.05	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.૨)	નરેન્દ્રભાઇ છગનભાઇ દેશાઇ	નરેન્દ્રભાઇ છગનભાઇ દેશાઇ		33	જુના નકશા મુજબ
31	31			38	0-38-98	0-03-00	0-35-98	3.50	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.૨)	જશભાઇ મોતીભાઇ,ઝવેરભાઇ મોતીભાઇ,મગનભાઇ મોતીભાઇ	જશભાઇ મોતીભાઇ,ઝવેરભાઇ મોતીભાઇ,મગનભાઇ મોતીભાઇ		35	
32	32			39	0-34-64	0-00-00	0-34-64	3.80	1 - ખેતીલાયક ઉપયોગ	4 - ૭૩એએ	વસાવા જવલીબેન ઢોકાભાઇ	વસાવા જવલીબેન ઢોકાભાઇ		36	
33	33			41	0-24-23	0-00-00	0-24-23	2.40	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.૨)	વસાવા બબલાભાઇ બાબુભાઇ,વસાવા સોમાભાઇ બીજીયાભાઇ,વસાવા ભુદરભાઇ બીજીયાભાઇ,વસાવા પનુબેન બીજીયાભાઇ,વસાવા ઝીણીયા બીજીયાભાઇ,વસાવા નારણ બીજીયાભાઇ,વસાવા જયંતીભાઇ બાજીયાભાઇ,વસાવા અંબાબેન બાજીયાભાઇ	વસાવા બબલાભાઇ બાબુભાઇ,વસાવા સોમાભાઇ બીજીયાભાઇ,વસાવા ભુદરભાઇ બીજીયાભાઇ,વસાવા પનુબેન બીજીયાભાઇ,વસાવા ઝીણીયા બીજીયાભાઇ,વસાવા નારણ બીજીયાભાઇ,વસાવા જયંતીભાઇ બાજીયાભાઇ,વસાવા અંબાબેન બાજીયાભાઇ		37બ	
34	34			40	0-01-01	0-00-00	0-01-01	0.10	1 - ખેતીલાયક ઉપયોગ	4 - ૭૩એએ	વસાવા બબલાભાઇ બાબુભાઇ,વસાવા સોમાભાઇ બીજીયાભાઇ,વસાવા ભુદરભાઇ બીજીયાભાઇ,વસાવા પનુબેન બીજીયાભાઇ,વસાવા ઝીણીયા બીજીયાભાઇ,વસાવા નારણ બીજીયાભાઇ,વસાવા જયંતીભાઇ બાજીયાભાઇ,વસાવા અંબાબેન બાજીયાભાઇ	વસાવા બબલાભાઇ બાબુભાઇ,વસાવા સોમાભાઇ બીજીયાભાઇ,વસાવા ભુદરભાઇ બીજીયાભાઇ,વસાવા પનુબેન બીજીયાભાઇ,વસાવા ઝીણીયા બીજીયાભાઇ,વસાવા નારણ બીજીયાભાઇ,વસાવા જયંતીભાઇ બાજીયાભાઇ,વસાવા અંબાબેન બાજીયાભાઇ		37ખ	બિન ખેતીના હેતુ માટે

ગામ :	રાયસીંગપુરા						તાલુકો: ઝગડિયા				જિલ્લો: ભરૂચ				
ક્રમ નંબર	સરવે નંબર / બ્લોક નંબર	હિસ્સા ભાગ	શીટ નંબર	ચાલતા નંબર	ક્ષેત્રફળ(હેકટર—આરે—ચો.મી.) કુલ ક્ષેત્રફળ	ખરાબો	લાયક જમીન	નકકી કરેલ આકરની કિંમત	જમીન ની જાત	મુખ્ય સત્તાનો પ્રકાર	જમીન ધારણ કર્તાનુ નામ	જમીનના ભાગના જમીન નું નામ	જમીન ઉપર બેંક લોન	જૂનો સરવે નંબર / બ્લોક નંબર	નોંધ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)	(૧૧)	(૧૨)	(૧૩)	(૧૪)	(૧૫)	(૧૬)
304	304			109	1-62-35	0-00-00	1-62-35	16.00	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.શ)	મનહરભાઈ ખીમચંદ શાહ,પુર્ણિમાબેન જયેન્દ્રભાઈ,રાજેસભાઈ જયેન્દ્રભાઈ,જગરભાઈ જયેન્દ્રભાઈ,દર્શનાબેન જયેન્દ્રભાઈ	મનહરભાઈ ખીમચંદ શાહ,પુર્ણિમાબેન જયેન્દ્રભાઈ,રાજેસભાઈ જયેન્દ્રભાઈ,જગરભાઈ જયેન્દ્રભાઈ,દર્શનાબેન જયેન્દ્રભાઈ		99બ	
305	305			107	1-81-16	0-00-00	1-81-16	19.10	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.શ)	દેસાઇ બકોરભાઇ બેચરભાઇ	દેસાઇ બકોરભાઇ બેચરભાઇ		98	
306	306			121	0-95-69	0-95-69	0-00-00	13.15	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.શ)	પ્રવિણભાઈ શંકરભાઈ દેસાઈ	પ્રવિણભાઈ શંકરભાઈ દેસાઈ		110	૨.થળ ૨.ચીતી મુજબ
307	307			121/1	0-29-60	0-29-60	0-00-00	13.15	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.શ)	પ્રવિણભાઈ શંકરભાઈ દેસાઈ	પ્રવિણભાઈ શંકરભાઈ દેસાઈ		110	
308	308			122/1	0-61-72	0-02-24	0-59-48	5.05	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.શ)	દેસાઇ શાંતીલાલ રણછોડભાઇ	દેસાઇ શાંતીલાલ રણછોડભાઇ		111	
309	309			9038	0-59-88	0-59-88	0-00-00	0.00	52 - સરકારી પડતર	1 - જુની શરત (જુ.શ)	રોડ મારગ	રોડ મારગ		9038	
310	310			122	0-83-54	0-02-75	0-80-78	6.85	1 - ખેતીલાયક ઉપયોગ	1 - જુની શરત (જુ.શ)	દેસાઇ શાંતીલાલ રણછોડભાઇ	દેસાઇ શાંતીલાલ રણછોડભાઇ		111	જુના નકશા મુજબ
311	311			105	0-74-57	0-74-57	0-00-00	0.00	27 - ગૌચર	1 - જુની શરત (જુ.શ)	ગૌચર ગ્રામપંચાયત	ગૌચર ગ્રામપંચાયત		96	સ.ગૌ.
312	312			106	0-77-26	0-00-00	0-77-26	7.05	1 - ખેતીલાયક ઉપયોગ	98 - ગપ્રા. ૪૩ ૭૩ AA	વસાવા છોટીયાભાઇ કુમજી,વસાવા કુશળબેન કુમજી	વસાવા છોટીયાભાઇ કુમજી,વસાવા કુશળબેન કુમજી		97	
313	313			104	0-42-75	0-42-75	0-00-00	0.00	28 - ગામતળ	1 - જુની શરત (જુ.શ)	ગૌચર ગ્રામપંચાયત	ગૌચર ગ્રામપંચાયત		95	
(૪) અત્રેની કચેરીની કારણ દર્શક નોટીસ ક્રમાંક : DRCSSBR/0040/05/2025 તા.17/05/2025

પ્રસ્તાવના

File NO:DRCSSBR/KLM/e-file/1335/2025/0296/General ધી દેના બેંક નાં કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી ઈડર તા.ઈડર જી.સાબરકાંઠા (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (જેનો હવે પછી ''અધિનિયમ''તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) અન્વયે નોંધણી નંબરઃસે/૨૭૬૨૯ તા.૦૩-૦૧-૧૯૯૬ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનું સંચાલન અને વહીવટ સહકારી અધિનિયમ, નિયમો તથા મંડળીના પેટા કાયદા અનુસાર કરવાનો હોય છે.

સદરહું મંડળીનું તા.૦૧/૪/૨૦૨૩ થી તા.૩૧/૩/૨૦૨૪ સુધીના સમયનું ઓડીટ શ્રી અમરીશ બી.પંડયા પ્રમાણિત ઓડીટર પેનલ નં.૧૮ દ્વારા હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ છે. આમુખ-૩ થી વંચાણે લીધેલ તેઓના ઓડીટ અહેવાલમાં જણાવ્યા મુજબ મંડળીએ પેટા કાયદાના ઉદ્દેશો પરિપુર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી ઓડીટ સમય દરમ્યાન નીચે મુજબની હકીકતો ધ્યાને આવતાં સદરહું મંડળીને-ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા ભલામણ કરવામાં આવેલ છે.

મંડળીના સભાસદો કે જેઓ દેના બેંક નાં કર્મચારીઓ તરીકે સભાસદ ધારણ કરતાં હતા પરંતુ આર.બી.આઈનાં ડાઈરેકટરની સૂચનાઓના આધારે દેના બેંક નાં કર્મચારીઓને બેંક ઓફ બરોડામાં મર્જ થતાં મંડળીનું કામકાજ સ્થગિત થતાં, ઉપરાંત મંડળીના મોટાભાગનાં સભ્યો નિવૃત થતાં, કેટલાકની બદલી થતાં મંડળીનું કામકાજ સ્થગિત થતાં તા.૨૯-૦૩-૨૦૨૪ ના રોજ મળેલ સાધારણ સભાના ઠરાવ નં ૬ થી મંડળીને આટોપી લેવાનો નિર્ણય થયેલ તેમજ સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી અધિનિયમ કલમ ૧૦૭(૨) મુજબ મંડળીનું કામકાજ બંધ થયેલ છે. તેમજ કલમ ૮૪ અન્વયે ઓડિટ થતાં મંડળી સ્થગિત અવસ્થામાં હોય તેમજ સાધારણ સભાએ જે નિર્ણય લીધેલ છે, તે અન્વયે તેમજ ઓડીટરશ્રી અભિપ્રાય મુજબ ઉકત મંડળીને સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અભિપ્રાય આપેલ છે.

મંડળીના કાર્યવાહકો દ્વારા હાથ ધરેલ કામગીરી નહીવત પ્રમાણમાં જણાઈ આવેલ છે. મંડળીને ચાલુ રાખવામાં વિશેષ રસ જણાતો નથી તેમજ સાધારણ સભાએ પણ મંડળીને ફડચામાં લઈ જવા ઠરાવેલ છે.. ઉકત મુદ્દાઓને ધ્યાને ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે મંડળીને ફડચામાં લઈ જવા આગળની ઘટતી કાર્યવાહી કરવા ભલામણ કરેલ છે.

ઉપરોકત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૪ થી કારણદર્શક નોટીસ આપી તા.૦૫/૦૬/૨૦૨૫ ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. સદરહું મુદતે સંસ્થા તરફથી કોઈ કાર્યવાહકો કે હોદ્દેદારો હાજર રહેલ નથી તેમજ લેખિત રજુઆત પણ કરેલ નથી.

આમ,મંડળીના કાર્યવાહકો દ્વારા હાથ ધરેલી કામગીરી નહિવત પ્રમાણમાં જણાઈ આવેલ છે. મંડળીને ચાલુ રાખવામાં વિશેષ રસ જણાતો નથી મંડળીનો વહીવટ પેટાનિયમની જોગવાઈ અનુસાર સહકારી કાયદા અનુરૂપ ચાલતો નથી.મંડળી અર્થક્ષમ યુનિટ બની રહે તે માટે કોઈ નક્કર પગલાં લીધેલ હોવાનું જણાયેલ નથી. આમ સંસ્થા જે હેતુ માટે રચવામાં આવેલ તે હેતુ માટે તથા ઉદેશ્યો પરીપુર્ણ થાય તે રીતે કામગીરી કરેલ નથી.મંડળીના કાર્યવાહકો દ્વારા મંડળી ચાલુ રાખવામાં કોઈ રસ જણાતો નથી.

પ્રસ્તુત સંજોગો ધ્યાને લેતા ઉકત સંસ્થાને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે મંડળીને ફડચામાં લઈ જવી જરૂરી અનિવાર્ય જણાતા નીચે મુજબનો ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું એમ.આર.ત્રિવેદી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ હિંમતનગર સાબરકાંઠા વંચાણે લીધેલ આમુખ-૨થી મળેલ સત્તાની રૂએ ધી દેના બેંક નાં કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી ઈડર તા.ઈડર જી.સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭(૧) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરૂ છું. અને આજ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) સદર કચેરીની નિમણુક કરૂ છું.

ઉકત વચગાળાના હુકમ સામે મંડળીએ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આદેશની તારીખથી એક માસમાં રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે આ કચેરીએ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત/ખુલાસો કરવાની તક આપવામાં આવે છે. ઉકત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈ ખુલાસો કે રજુઆત કરવામાં નહી આવે તો મુદત વિત્યેથી મંડળીને ફડચામાં લઈ જવા અંતિમ આદેશ કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

હિંમતનગર તા. ૨૨મી જુલાઈ, ૨૦૨૫

વંચાણે લીધાઃ-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંકઃ-જીએચકેએચ/ ૫૧/૨૦૧૧/એનએસબી/૧૨૨૦૦૨/૩૦૧૧/ચ, તા.૨૧/૭/૨૦૧૧.

(૩) પેનલ ઓડીટર એચ.ડી.મોડીયા પેનલ નં. SAB/35 હિંમતનગરના ખાસ અહેવાલ તા.૧૬/૧૨/૨૦૨૪.

(૪) આ કચેરીની તા.૨૧/૦૬/૨૦૨૫ની કારણદર્શક નોટીસ ક્રમાંક DRCSSBR/0039/06/2025 તથા તા.૦૭/૦૭/૨૦૨૫ ની મુદત સંદર્ભે થયેલ સુનાવણી,

પ્રસ્તાવના

File NO:DRCSSBR/KLM/e-file/1335/2024/0388/ General ધી સૂર્યનગર કંપા સેવા સહકારી મંડળી લી. તા.ઈડર જીલ્લા : સાબરકાંઠા. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે નોંધણી નંબરઃસે/૮૬૭૫ તા.૦૬/૦૬/૧૯૮૧ થી નોંધાયેલા સહકારી સંસ્થા છે. જેનું કાર્યક્ષેત્ર સૂર્યનગર કંપા પુરતું છે. જેનુ સંચાલન અને વહીવટ સહકારી અધિનિયમ, નિયમો તથા મંડળીના પેટા કાયદા અનુસાર કરવાનો હોય છે.

મંડળીનુ તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીના સમયનુ ઓડીટ શ્રી એચ.ડી.મોડીયા પેનલ ઓડીટરશ્રી પેનલ નં.SAB/35 હિંમતનગરના દ્વારા હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. ઓડીટ સમય દરમ્યાન મંડળીના વહીવટ અંગે નીચે મુજબની ક્ષતિઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળીમાં ઠરાવ બુક તપાસતાં મંડળીમાં વ્યવસ્થાપક કમિટીની બેઠકો નિયમિત દરમાસે મળતી નથી. અને મળે છે તો નોન કોરમ હોવા છતાં કોરમ બતાવી કામગીરી કરવામાં આવે છે.

(૨) માસ દરમ્યાન કરવામાં આવેલ ખરીદી તથા કરવામાં આવતા ખર્ચાઓ મીટીંગમાં મંજુર કરવામાં આવતા નથી. અને મંડળીની મળેલ મીટીંગમાં પસાર કરવામાં આવેલ ઠરાવો મીટીંગ પૂર્ણ થયા બાદ સર્વાનુ મતે બહાલ કર્યા બાદ જવાબદાર ચેરમેન/સેક્રેટરીની સહીઓ મેળવવામાં આવેલ નથી.

આમ મંડળીએ અપનાવેલ પેટા કાયદા મુજબ નિયમિત કામગીરી થતી હોય તેમ જણાતું નથી.

(૩) મંડળીએ રજુ કરેલ સરવૈયું જોતાં તા.૩૧/૦૩/૨૦૨૨ ના રોજ રૂા.૨૪૭૩૭૪-૯૫, તા.૩૧/૦૩/૨૦૨૩ ના રોજ રૂા.૧૦૦૪.૧૬ તથા તા.૩૧/૦૩/૨૦૨૪ ના રોજ રૂા.૨૦૮૫૧-૯૬ ની ખોટ કરેલ છે. આમ, મંડળી સતત ત્રણ વર્ષથી ખોટમાં જાય છે.

આમ ઉપર વિગતે મંડળીની વ્ય.કમીટી ના સભાસદો દ્વારા વ્ય. કમીટીની અનિયમિતતા તથા પેટા કાયદાની જોગવાઈ મુજબ કરવાની થતી વહીવટી કામગીરીમાં બેદરકારી દાખવેલ છે. સહકારી મંડળીઓના અધિનિયમ, નિયમો, મંડળીના પેટા કાયદા અનુસાર તેમની ફરજો બજાવવામાં વારંવાર કસુર કરી કરેલ છે. અને વહીવટી નાણાંકીય અનિયમિતતાઓ કરેલ છે. તેથી આ સમિતીને દુર કરવી જરૂરી જણાતાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ કમિટીને દુર કેમ ન કરવી. તે બાબતે આમુખ ૪ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ તા.૦૭/૦૭/૨૦૨૫ ના રોજ સુનાવણી રાખી રજુઆત કરવા જણાવતા મંડળીના વ્ય.કમીટી સભ્યો હાજર રહી આપેલ નિવેદન મુજબ મંડળીમાં હિસાબી કામકાજ કરી શકે તેવા કોઈ કર્મચારી હાલ હાજરમાં નથી કર્મચારી મળ્યેથી સંસ્થાનો વહીવટ નિયમિત કરવા જણાવેલ છે.

આમ, ઉકત વિગતો જોતાં મંડળીમાં સેક્રેટરી છૂટા થઈ ગયેલ છે. કમિટિની નિયમિત દરમાસે મિટિંગ મળવી જોઈએ જે મળતી નથી. તેમજ નોન કોરમ હોવા છતાં કોરમ બતાવી કાર્યવાહી કરવામાં આવે છે. તેમજ સંસ્થામાં સતત ત્રણ વર્ષ ખોટ કરેલ છે. જેથી પેટા નિયમ મુજબ પોતાની ફરજ બજાવેલ નથી. આમ, મંડળીની વ્ય.કમિટીએ કાયદા કાનુન પેટાનિયમ તથા સરકારશ્રીની વખતો વખતની સુચનાઓનો અનાદર કરી પોતાની ફરજો બજાવવામાં વારંવાર ચુક કરેલ છે. તેમજ વહીવટી નાણાકિય અનિયમિતતાઓ કરેલ છે. જેથી મંડળીના તથા તેના સભાસદોના વિશાળ હિતમાં મંડળીનો વહીવટ કાયદા કાનુન અને પેટાનિયમો અનુસાર ચાલે અને સહકારી પ્રવૃતિના બહોળા હીતને લક્ષમાં રાખી અધિનિયમની કલમ-૮૧ અન્વયે મંડળીનો વહીવટ સુચારૂ રૂપે ચાલુ રાખવા વહીવટદારની નિમણૂક કરવી જરૂરી જણાય છે. જે અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું એમ.આર.ત્રિવેદી, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સાબરકાંઠા, હિંમતનગર મને પ્રાપ્ત થયેલા અધિકારની રૂએ ધી સુર્યનગર કંપા સેવા સહકારી મંડળી લી.મુ. સુર્યનગરકંપા તા.ઈડર જીઃ સાબરકાંઠામાં ઉપરોકત પ્રસ્તાવનામાં જણાવેલ વિગતે મંડળીની વ્યવસ્થાપક કમીટીને અધિનિયમની કલમ-૮૧(૧) હેઠળ દુર કરી વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગર ની નીચેની શરતોને આધીન નિમણૂક કરૂ છુ.

(૧) વહીવટદારની મુદત હુકમની તારીખથી ૬ (છ) માસ માટે રહેશે.

(૨) વહીવટદારશ્રીએ આ કચેરીના નિયંત્રણમાં રહી પુર્વ મંજુરી મેળવી નાણાંકીય ખર્ચ કરવાનો રહેશે.

(૩) દર માસે કામગીરીનો પ્રગતિ અહેવાલ મોકલવાનો રહેશે.

હિંમતનગર તા. ૧૮મી જુલાઈ, ૨૦૨૫

એમ.આર.ત્રિવેદી
જીલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, સાબરકાંઠા
હિંમતનગર

વંચાણે લીધાઃ-

(૧) ધી જીવાણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.મું.જીવાણા, તા.ધાનેરા, જિ.બનાસકાંઠા ના ૮ કમિટી સભ્યોની તા.૧૬/૦૭/૨૦૨૫ની રજુઆત અરજી.

(૨) બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. પાલનપુર નો તા.૧૧/૦૭/૨૦૨૫નો પત્ર

(૩) ધી જીવાણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું.જીવાણા, ના ધાનેરા, જિ.બનાસકાંઠાની તા.૧૧/૦૭/૨૦૨૫ની સાધારણ સભાના ઠરાવ નં.૫ ની નકલ

(૪) ધી જીવાણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું.જીવાણા, ના તા. ધાનેરા, જિ.બનાસકાંઠાના કમિટી સભ્યોનું તા.૧૭/૦૭/૨૦૨૫નું સંયુકત નિવેદન.

(૫) ધી જીવાણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું.જીવાણા, તા.ધાનેરા, જિ.બનાસકાંઠાની તા.૧૧/૦૭/૨૦૨૫ની સાધારણ સભાના પ્રમુખ શ્રીનું તા.૧૭/૦૭/૨૦૨૫નું નિવેદન.

(૬) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૭૪ (ઘ) ની જોગવાઈ.

(૭) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંકઃ-GHKH-6220/1/NSB/12/2002/3011-CH, તા.૨૧/૦૭/૨૦૧૧ થી મળેલ અધિકારો.

પ્રસ્તાવના

પત્ર ન.સક્ક/૦૧/ખ/૫૩૦/૫૩/૯૪૪/૨૦૨૫ ધી જીવાણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું.જીવાણા, તા.ધાનેરા જી.સાબરકાંઠા (જેનો હવે પછી ''મંડળી'' તરીકે ઉલ્લેખ થશે) એ ગુજરાત સહકારી મંડળીઓને અધિનિયમ-૧૯૬૧ (જેનો હવે પછી ટુંકમાં ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ થશે) ની કલમ-૯ હેઠળ નોંધાયેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી છે. જે તા.૧૯/૦૨/૧૯૭૭ના રોજ નોંધણી નંબર-સે-૧૪૭૩૬ થી નોંધાયેલ છે. સદરહું મંડળીનો વહીવટી અધિનિયમ ગુજરાત સહકારી મંડળીના નિયમો, ૧૯૬૫ (જેનો હવે પછી ટુંકમાં ''નિયમો'' તરીકે ઉલ્લેખ થશે) અને મંડળીના મંજુર થયેલ પેટાનિયમો, સહકારના સિધ્ધાંતો અને મંડળીની વ્યવસ્થાપક સમિતિ તેમજ મંડળીની વાર્ષિક સાધારણ સભાએ ઘડેલ નીતિઓ તથા સહકાર ખાતાએ વખતો વખત બહાર પાડેલી માર્ગદર્શક સુચનાઓ મુજબ કરવાનો હોય છે.

અરજદારશ્રી દ્વારા આમુખ-૧ થી તા.૧૬/૦૭/૨૦૨૫ના પત્રથી અત્રેની કચેરીએ રજુઆત કરેલ છે કે, અમારી મંડળીમાં તા.૧૧/૦૭/૨૦૨૫ના રોજ વાર્ષિક સાધારણ સભા ભરવામાં આવેલ હતી. સાધારણ સભાના ઠરાવ નં.૫ મુજબ કમિટી ની મુદત તા.૪/૦૭/૨૦૨૫ના રોજ પુરી થઈ ગયેલ હોવાથી નવિન કમિટીની વરણી બાબતે ચર્ચા વિચારણા કરીને જિલ્લા રજિસ્ટાર સાહેબશ્રીના તાબા હેઠળ વહીવટદાર મુકી ને ચુંટણી યોજવાનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવેલ હતો.

મંત્રીશ્રી તળશાભાઈ પુરાભાઈ દ્વારા મંડળીના રેકર્ડનો દુર ઉપયોગ કરી અગાઉ પણ કમિટી ના ધ્યાન બહાર એમના સગા નાનાભાઈ પટેલ નવાભાઈ પુરાભાઈ ને મંડળીના મંત્રી તરીકે બનાવી દીધા અને મંડળીમાં ખોટી ગેરરીતિ કરતા હતા. કમિટીના ધ્યાનમાં આવતા કમિટી દ્વારા એમના ભાઈને તા.૨૧/૦૬/૨૦૨૫ના રોજ છુટા કરેલ હતા. તેમના બીજા સગાભાઈ પટેલ કાળાભાઈ પુરાભાઈના પત્ની હીરાબેન કાળાભાઈ ની નિમણુંક કરી દીધેલ છે. આમ, મંત્રીશ્રી દ્વારા રેકર્ડનો દુર ઉપયોગ કરી તા.૧૫/૦૭/૨૦૨૫ના રોજ ચૂંટણી જાહેર કરવામાં આવેલ છે.

આમુખ-૨ થી સંઘ દ્વારા તા.૧૧/૦૭/૨૦૨૫ના પત્રથી મંડળીમાં પશુપાલકોના હિતમાં નિષ્પક્ષ રીતે ચૂંટણી યોજાય અને મંડળીનો વહીવટ યોગ્ય રીતે થઈ શકે તે માટે મંડળીની વ્ય.કમિટીની મુદત પૂર્ણ થયેલ હોવાથી નવિન વ્ય.કમિટીની વરણી ના થાય ત્યા સુધી મંડળીમાં વહીવટદારની નિમણૂંક કરવા વિનંતી કરેલ છે.

આમ, ઉપરોકત તમામ બાબતો અન્વયે તા.૧૬/૦૭/૨૦૨૫ના રોજ ટેલિફોનિક સંપર્ક કરી મંડળીના મંત્રીશ્રીને તા.૧૭/૦૫/૨૦૨૫ના સમય ૧૨:૦૦ કલાકે રૂબરૂ ઉપસ્થિત રહી તમામ આધારો રજુ કરવા જણાવેલ હતું. પરંતુ મંત્રીશ્રી તા.૧૭/૦૫/૨૦૨૫ના રોજ ટેલિફોનિક સંપર્ક થઈ શકેલ નથી. (મોબાઈલ સ્વીચ ઓફ આવેલ) મંડળીના મંત્રીશ્રી દ્વારા તા.૧૫/૦૭/૨૦૨૫થી ચુંટણી જાહેર કરવામાં આવેલ છે. જે અંગેનો કાર્યક્રમ અત્રેની કચેરીએ મોકલી આપવામાં આવેલ છે.

આમુખ-૪ થી મંડળીના કમિટી સભ્યોશ્રી સંયુકત નિવેદન આપેલ છે. જેમાં મંડળીના વ્ય.કમિટી સભ્યોમાંથી ૫ સભ્યો રૂબરૂ હાજર રહેલ હતા. જયારે બે સભ્યોના સોંગદનામા રજુ કરેલ છે. તેઓના જણાવ્યા મુજબ તા.૧૧/૦૭/૨૦૨૫ના રોજ મંડળીની સાધારણ સભા મળેલ હતી. મંડળીની મુદત તા.૪/૦૭/૨૦૨૫ના રોજ પુર્ણ થયેલ હતી. સભાસદોને મંડળીના મંત્રીની કામગીરી પર વિશ્વાસ ન હોય જેથી સાધરણ સભામાં ઠરાવ નં.૫ પસાર કરી મંડળીમાં વહીવટદાર મુકેને તેમના તાબા હેઠળ ચૂંટણી યોજવી અને જયાં સુધી વહીવટદાર ન નિમાય ત્યા સુધી વ્ય.કિમટી કામ કરશે તેવો ઠરાવેલ હતું. પરંતુ જે બાબતે અચાનક છાપામાં મંડળીના મંત્રીએ ચૂંટણીની નોટીસ આપતા અમો કમિટી સભ્યો મંડળીની ઓફીસે સાધારણ સભામાં નક્કી થયા પ્રમાણે કામગીરી ન કરવા બદલ મંડળીના મંત્રીને પુછતા તેઓએ કાંઈ સંતોષકારક જવાબ આપેલ નથી અને અમોને જણાવેલ કે તમારાથી જે થાય તે કરી લેજો અને અત્રે ન બોલી શકાય તેવા શબ્દોમાં અમારું અપમાન કરેલ. અમારી મંડળીમાં ચૂંટણી માટે ચૂંટણી અધિકારીની નિમણૂંક કરવાની હોય છે. ચૂંટણી અધિકારીની નિમણૂંક માટે અમોએ કોઈ ઠરાવ કરેલ નથી. અગાઉપણ તળશાભાઈ પુરાભાઈ દ્વારા કમિટીની જાણ બહાર પોતાના સગા નાનાભાઈ પટેલ નવાભાઈ પુરાભાઈ ને મંડળીના મંત્રી બનાવી દીધેલ અને તેમના બીજા સગાભાઈ પટેલ કાળાભાઈ પુરાભાઈના પત્ની હીરાબેન કાળાભાઈને કમિટી સભ્ય તરીકે નિમણૂંક કરી દીધેલ. અમારી સાધારણ સભામાં આપની દેખરેખ હેઠળ ચૂંટણી થાય તે માટે ઠરાવ પસાર કરેલ છે. જેની નકલ રજુ કરેલ છે. બનાસ ડેરીના તા.૩૦/૦૫/૨૦૨૫નો પત્ર અને તા.૧૧/૦૩/૨૦૨૫નો દુરસ્તી અંગેનો પત્ર રજુ કરેલ છે. તેમજ તા.૧૬/૧૨/૨૦૨૪નો દુરસ્તી કરવા બાબતનો તા.૩૦/૧૨/૨૦૨૪નો મંત્રીને આપેલ નોટીસ બાબતનો તા.૨૮/૧૧/૨૦૨૪નો મંડળીને ખુલાસા કરવા બાબતના પત્રો રજુ કરેલ છે. જેના ઉપરથી ખ્યાલ આવે છે કે અમારી મંડળીના મંત્રી મોટા પ્રમાણમાં નાણાંકીય ગેરરીતિ અને રેકર્ડ સાથે ચેડા કરી રહેલ છે. તેમની મનમાની રીતે ચૂંટણી કરવામાં આવશે તો મોટા પ્રમાણમાં રેકર્ડ સાથે ચેડા કરી મંડળીના સભાસદોને અન્યાય કરશે. મંડળીના રેકર્ડ સાથે મોટા પ્રમાણમાં ચેડા થવાની શકયતા છે. અમારી કમિટિની મુદત પૂર્ણ થયેલ છે. માટે મંડળીમાં વહીવટદાર કે કસ્ટોડીયન નિમણૂંક કરવા વિનંતી કરેલ છે.

ધી જીવાણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું.જીવાણા, તા.ધાનેરા જી.સાબરકાંઠા ની તા.૧૧/૦૭/૨૦૨૫ના રોજ સાધારણ સભા ભરવામાં આવેલ જેમા સર્વ સંમતિથી શ્રી પટેલ હરીભાઈ રત્નાભાઈ ની સભાના પ્રમુખ તરીકે નિમણુંક કરવામાં આવેલ હતી તેમના દ્વારા આમુખ-૫ થી નિવેદન આપેલ છે કે અમારી સાધારણ સભામાં અંદાજે

૩૦૦ લોકો હાજર હતા. સભાસદો દ્વારા મંડળીના મંત્રીની ગેરરીતિ અને ભ્રષ્ટાચાર બાબતે રજુઆત થયેલ હતી પરંતુ મંત્રી ના મળતિયાઓ દ્વારા હોબાળો કરતા પુરતી ચર્ચા થઈ શકેલ ન હતી. સભાસદોને મંડળીના મંત્રી પર વિશ્વાસ ન હોય જેથી સાધારણ સભામાં ઠરાવ નં.૫ પસાર કરી મંડળીની મુદત પુર્ણ થયેલ છે. માટે જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, બનાસકાંઠાને રજુઆત કરવી કે મંડળીમાં વહીવટદારની નિમણૂંક કરે અને નિષ્પક્ષ રીતે તેઓના નેજા હેઠળ મંડળીની ચૂંટણી કરાવે કારણ કે ગામના લોકોને ભય હતો કે મંડળીના મંત્રી સાચી રીતના ચૂંટણી થવા દેશે નહિ. મારી અધ્યક્ષતામાં સાધારણ સભામાં આ નિર્ણય થયેલ જેનો હું સાક્ષી છું તેવુ જણાવેલ છે.

વધુમાં આ બાબતે પેપરમાં જાહેરાત આવતા અમો મંડળીની ઓફીસે મંત્રી પાસે જતા તેઓ દ્વારા જે થાય તે કરી દેજો તેવી ધમકી આપેલ. તેમજ મંત્રીશ્રી દ્વારા ચુંટણી કરવામાં આવશે તો મોટા પ્રમાણમાં નાણાંકીય ગેરરીતિ અને રેકર્ડ સાથે ચેડા થવાની સંભાવના છે. અને સભાસદોને મોટા પ્રમાણમાં અન્યાય કરશે. અમારી મંડળીની વ્ય.કમિટીની મુદત પૂર્ણ થયેલ છે. માટે મંડળીમાં વહીવટદાર નિમણૂંક કરવા વિનંતી કરેલ છે.

આમ, ઉપરોકત તમામ બાબતો જોતા નીચે મુજબ તારણો ઉપર આવવાનું થાય છે.

(૧) ધી જીવાણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું.જીવાણા, તા.ધાનેરા જી.બનાસકાંઠાની વ્યવસ્થાપક કમિટીને મુદત તા.૪/૦૭/૨૦૨૫ના રોજ પૂર્ણ થઈ ગયેલ છે મંડળીમાં હાલમાં વહીવટી શુન્યાવકાશ સર્જાયેલ છે.

(૨) મંડળીની તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ મળેલ સાધારણ સભાના ઠરાવ નંબર ૫ થી મંડળીની વ્યવસ્થાપક કમિટીની મુદત પુર્ણ થતા વહીવટદારની નિમણૂંક કરવા સર્વાનુમતે ઠરાવ પસાર કરેલ છે.

(૩) મંડળીના વ્ય.કમિટીના સભ્યો, જિલ્લા દૂધ સંઘ દ્વારા ઉપરોકત ઉલ્લેખ કરેલ પત્રો વગેરે ધ્યાનમાં લેતા મંડળીના મંત્રી સાધારણ સભાના નિર્ણયથી ઉપરવટ જઈ પોતાની મનમાની અને જોહુકમી ચલાવે રહેલ હોય તેવું જણાય છે.

(૪) મંડળીની વ્યવસ્થાપક કમિટીના સભ્યના નિવેદનો, દૂધ સંઘનો દુરસ્તી રિપોર્ટ તા.૧૧/૦૩/૨૦૨૫ નો પત્ર ધ્યાને લેતા મંડળીમાં નાણાંકીય ગેરરીતીઓ હોય તેવું પ્રાથમિક દ્રષ્ટિએ માનવાને કારણ રહે છે. તેમજ મંડળીના ઠરાવો, રોજમેળ વગેરે અન્ય રેકર્ડ સાથે ચેડા થવાની શકયતાઓ રહેલી છે.

(૫) મંડળી સાથે જોડાયેલ સભાસદોના વિશાળ આર્થિક લોકશાહી હિતો ધ્યાને લેતા મંડળીની કમિટીની મુદત પૂર્ણ થઈ ગયેલ હોય, નવી ચુંટાયેલ કમિટી હાલમાં આવેલ ન હોય મંડળની વહીવટી કામગીરી સરળતા પૂર્વક ચાલી રહે તે માટે મંડળીમાં સ.કા.કલમ ૭૪ (ડી) હેઠળ કસ્ટોડીયન ની નિમણૂંક કરવી ઉચિત જણાય છે.

આમ, ઉપરોકત વંચાણે લીધેલ; અનુક્રમ નં. ૬ અંતર્ગત કલમ-૭૪(ડી)(૧) ની જોગવાઈ નીચે મુજબ છે. ગુજરાત સહકારી મંડળી (સુધારા) અધિનિયમ,૨૦૧૫ના આરંભની તરત પહેલા વિદ્યમાન હોય તેવી મંડળી સહિત કોઈ મંડળીના સબંધમાં, કોઈ નવી વ્યવસ્થાપક સમિતિ, ગમે તે કારણસર આવી મંડળીની વ્યવસ્થાપક સમિતિ (કલમ-૮૦(ક)માં ઉલ્લેખેલી સમિતિ ન હોય તેવી)ના સભ્યોના હોદ્દાની મુદત પૂરી થાય તે પહલાં ચૂંટવામાં આવી નહોય અથવા ચૂંટવામાં આવ્યા પછીના ત્રણ મહિનાની મુદતની અંદર કાર્ય કરતી નહોય, ત્યારે રજિસ્ટ્રારે, લેખિત હુકમથી, નવી વ્યવસ્થાપક સમિતિ ચૂંટવામાં ન આવે અથવા યથાપ્રસંગે, તે કાર્ય કરવાનું શરૂ ન કરે ત્યાં સુધી, કોઈ વ્યકિત અથવા વ્યકિતઓની સમિતિની એક વર્ષની મુદત માટે મંડળીના કસ્ટોડીયન તરીકે નિમણૂંક કરવી જોઈશે.''

આમ, ઉપર મુજબની તમામ વિગતો જોતાં પ્રસ્તુત કિસ્સામાં મંડળીની વ્યવસ્થાપક સમિતિની મુદત પૂર્ણ થયેલ હોવાથી, મંડળીમાં વહીવટી શૂન્યાવકાશ સર્જાયેલ હોય મંડળીના સભાસદોના વિશાળ હિતને ધ્યાને લઈ મંડળીના પશુપાલકોના હિતમાં વહીવટ યોગ્ય રીતે થઈ શકે તે માટે મંડળીની નવિન વ્ય.કમિટી ની વરણી ના થાય ત્યા સુધી મંડળીમાં કસ્ટોડીયનની નિમણૂંક કરવા મંડળીના સંચાલનને લગત અને રેકર્ડને લગત ફરીયાદોના કારણે કોઈ નાણાંકીય ગેરરીતિઓ ના બને તે જોવુ જરૂરી છે. મંડળી સાથે જોડાયેલા સભાસદોના વિશાળ આર્થિક હિતો તેમજ મંડળીના આર્થિક અને વહીવટી હિત ખાતર મંડળીમાં અધિનિયમની કલમ-૭૪(ડી) હેઠળ કસ્ટોડીયનની નિમણૂંક કરવાનું જરૂરી જણાય છે. જે અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું ડી.વી. ગઢવી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બનાસકાંઠા મને આમુખ-૭ વાળા જાહેરનામાથી પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી જીવાણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું.જીવાણા, તા.ધાનેરા જી. બનાસકાંઠામાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ. ૧૯૬૧ ની કલમ ૭૪(ઘ)અન્વયે ઉપર પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર કસ્ટોડીયનની નિમણૂંકનો હુકમ કરવામાં આવે છે. અને મંડળીના કસ્ટોડીયન તરીકે શ્રી જે.એ.આંટીયા, સહકારી અધિકારી (સહકાર) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, બનાસકાંઠાની નિમણૂંક કરું છું.

કસ્ટોડીયનશ્રીએ સહકારી અધિનિયમની જોગવાઈ ૭૪ (ઘ) ધ્યાને રાખી કામગીરી કરવાની રહેશે.

પાલનપુર તા.૧૯મી જુલાઈ ૨૦૨૫

ડી.વી.ગઢવી
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ પાલનપુર

ક્રમાંકઃ CSSURSAHAA202501056 Letter No: આથી જાહેર કરે છે કે : વેદાસ ગ્રીન કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.ઓરમા, તા.ઓલપાડ, જિ.સુરતને

સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૧મી જુલાઈ ૨૦૨૫.

ક્રમાંકઃCSSURSAHAA202501048 આથી જાહેર કરે છે કે : ઈવિતા વિલાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.અડાજણ, તા.અડાજણ, જિ.સુરતને

સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૯મી જુલાઈ ૨૦૨૫.

ક્રમાંક:CSSURSAHAA202501055 આથી જાહેર કરે છે કે : શાંતીવન બંગ્લોઝ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.કોસાડ, તા.કતારગામ, જિ.સુરતને

સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૧મી જુલાઈ ૨૦૨૫.

ક્રમાંક:CSSURSAHAA202501057 આથી જાહેર કરે છે કે : શ્રીનાથજી બંગ્લોઝ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.પાસોદરા, તા.પુણાગામ, જિ.સુરતને

સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૧મી જુલાઈ ૨૦૨૫.

ક્રમાંક:CSSURSAHAA202501058 આથી જાહેર કરે છે કે : લક્ષ્મી હોમ્સ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.બમરોલી, તા.મજુરા, જિ.સુરતને

સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૧મી જુલાઈ ૨૦૨૫.

ક્રમાંક:CSSURSAHAA202501059 આથી જાહેર કરે છે કે : શતાબ્દી હેરિટેઝ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.વરીયાવ, તા.કતારગામ, જિ.સુરતને

સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૧મી જુલાઈ ૨૦૨૫.

જે.એચ.કાકડિયા
જિલ્લા રજિસ્ટ્રાર,(હાઉસીંગ)
સહકારી મંડળીઓ, સુરત

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૨) નામ. ગુજરાત સહકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૧નું સત્તા સોંપણીનું જાહેરનામું ક્રમાંક: GHKH-51-NSB-12-2002-3011-CH

(૩) શ્રી એમ.આર.ગોળવાળા, પેનલ નંબર NAV/10, સર્ટીફાઈડ ઓડીટર, સહકારી મંડળીઓ નવસારીના તા.૨૬/૦૩/૨૦૨૫ ના મંડળીને કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૪) અત્રેની કચેરીના તા.૦૨/૦૭/૨૦૨૫ ના પત્ર ક્રમાંક : DRCSNVS/0008/07/2025ની ફડચામાં લઈ જવા અંગેની કારણદર્શક નોટીસ.

(૫) અત્રેની કચેરીમાં તા.૧૭/૦૭/૨૦૨૫ ના રોજ રાખવામાં આવેલ સુનાવણી અંગેનું રોજકામ.

પ્રસ્તાવના

Letter No: DRCSNVS/REG/e-file/1345/2025/0325/ REGISTRATION કલીયારી વિવિધ ગ્રામ વિકાસલક્ષી ખેતી માટે પાણી પૂરૂ પાડનારી સહકારી મંડળી લી., કલીયારી. તા.ચીખલી, જિ.નવસારી કે જે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી નં ખે-૧૦૨૦ તા.૨૮/૦૨/૧૯૮૪ થી નોંધાયેલા સિંચાઈ મંડળી છે. (જેનો હવે પછી આ કામે ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.)

વંચાણે લીધા આમુખ-૩ ના અહેવાલ મુજબ શ્રી એમ.આર. ગોળવાળા, પેનલ નંબર NAV/10, સર્ટીફાઈડ ઓડીટર, સહકારી મંડળીઓ નવસારીના તા.૨૬/૦૩/૨૦૨૫ના અહેવાલમાં જણાવેલ છે કે અત્રેની કચેરીના તા.૩૦/૦૭/૨૦૨૪ ના પત્ર ક્રમાંક : અષણ/૦૧/ગ-૧/૨૦૨૪ થી સુપ્રત કરવામાં આવેલ તે મુજબ મંડળીનું તા.૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૪ સુધીના સમયનું ઓડિટ પૂર્ણ કરવા સદર મંડળીને નોટીસથી જાણ કરવામાં આવેલ. સદર મંડળી ગામ-કલીયારી, તા.ચીખલી, જી.નવસારીની કલીયારી વિવિધ ગ્રામ વિકાસલક્ષી ખેતી માટે પાણી પૂરુ પાડનારી સહકારી મંડળી નોંધણી નં. ખે-૧૦૨૦ તા.૨૮/૦૨/૧૯૮૪ થી નોંધાયેલ પિયત મંડળી છે. સદર મંડળી તેના મંજુર થયેલ પેટાનિયમ મુજબના ઉદ્દેશો પૂર્ણ કરી શકે તેમ નથી. આ ઉપરાંત ઓડીટરશ્રીએ નીચે મુજબના કારણોસહ સદર મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે.

વંચાણે લીધા આમુખ-૪ મુજબ અત્રેની કચેરીના તા.૦૨/૦૭/૨૦૨૫ના પત્રથી સહકારી કાયદા કાનુન અને મંજુર પેટાનિયમની જોગવાઈઓની ફરજોના ભંગ બદલ મંડળીને કસુરવાર ગણી ફડચામાં કેમ ન લઈ જવી? તે સબબ સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી. અને નોટીસની વિગતોને આધિન મંડળીએ જે કાંઈ લેખિત મૌખિક રજુઆત કરવી હોય તો તે માટે મંડળીને તા.૧૭/૦૭/૨૦૨૫ ના રોજ આધાર પુરાવા સહ પ્રત્યુત્તર રજુ કરવા જણાવવામાં આવેલ હતું.

વંચાણે લીધા આમુખ-૫ થી સદર મંડળીના પ્રમુખશ્રી તેમજ વ્ય. કમિટી સભ્યો દ્વારા તા.૧૭/૦૭/૨૦૨૫ ના રોજ હાજર રહી જણાવેલ છે કે, અમો કલીયારી વિવિધ ગ્રામ વિકાસલક્ષી ખેતી માટે પાણી પૂરૂ પાડનારી સહકારી મંડળી લી.ના દરેક સભ્યોની સંમતિથી અમારી મંડળી ફડચામાં જાય તે તેમાં અમોને વાંધો વિરોધ નથી. જેથી અમારી મંડળીને ફડચામાં લઈ જવા વિનંતી કરવામાં આવેલ છે.

આમ ઉપરોકત વિગતો જોતાં મંડળીએ તેના મંજુર થયેલ પેટા નિયમમાં દર્શાવેલ ઉદ્દશો મુજબની કામગીરી કરેલ નથી. તથા મંડળીની વ્યવસ્થાપક કમિટી દ્વારા કાયદાકીય ફરજો બજાવવામાં સતત ગંભીર બેદરકારી રાખવામાં આવેલ હોય એવું ફલિત થાય છે. એ સંજોગોમા સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળની જોગવાઈઓ કે જે નીચે મુજબ છે.

વંચાણે લીધા આમુખ(૨) ની કલમ-૧૦૭ મંડળી આટોપી લેવા બાબત

(૧) પેટા કલમ ૧-(સી) (ક) માં અન્યાથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય રજીસ્ટ્રારનો અભિપ્રાય થાય કે : કલમ ૮૬ મુજબ, તપાસ કરવામાં આવે તે પછી અથવા કલમ ૮૭ મુજબ તપાસણી કરવામાં આવે તે પછી, અથવા મંડળીના હિસાબોનું ઓડીટ કરનાર ઓડીટરના રિપોર્ટ ઉપરથી, અથવા ૧ (ક) કલમ-૮૬ હેઠળ તપાસ યોજવામાં આવી હોય તે પછી, અથવા કલમ-૮૪ ની પેટા કલમ(૮), કલમ-૮૭ અથવા કલમ-૮૮ ની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ હેઠળ તપાસણી યોજવામા આવી હોય તે પછી અથવા મંડળીના હિસાબોનું ઓડીટ કરનાર રિપોર્ટ ઉપરથી, અથવા (બી) મંડળી આટોપી લેવાના હેતુ માટે બોલાવેલી ખાસ સામાન્ય સભામાં હાજર રહેલા મંડળીના ત્રણ ચતુર્થાંશ સભ્યોએ પસાર કરેલા ઠરાવ સાથે અરજી સાથે અરજી મળે એટલે, અથવા

(સી) (૧) જેણે કામકાજ શરૂ કર્યું ન હોય, અથવા

(૨) જે મંડળી કામકાજ કરતી બંધ થઈ હોય, અથવા

(૩) જે મંડળી વધુમાં વધુ પાંચસો રૂપિયા સુધીના શેરો અથવા સભ્યોની થાપણો ધરાવતી હોય અથવા

(૪) જે મંડળી આ અધિનિયમની અથવા ''નિયમો અથવા ઉપ-નિયમોની અથવા'' રજીસ્ટ્રેશન તથા વ્યવસ્થા અંગે કોઈ શરતોનું પાલન કરતી બંધ થઈ હોય, તે મંડળીની બાબતમાં રજીસ્ટ્રારનો અભિપ્રાય થાય કે તેને આટોપી લેવી જોઈએ, તો તે મંડળી આટોપી લેવી તેવુ ફરમાવતો વચગાળાનો હુકમ તે કરી શકશે.

(૫) પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડેલા કોઈ આદેશોનું અથવા કલમની પેટા કલમ (૨) હેઠળ ફેરફાર કર્યા પ્રમાણેના એવા આદેશોનું પાલન કર્યું ન હોય.

(૨) પેટા-કલમ (૧) ના ખંડ (એ) અથવા (સી)ના પેટા-ખંડ (૪) માં દર્શાવવામાં આવેલા કારણે વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે તેની એક નકલ ઠરાવેલી રીતે મંડળીને મોકલવી જોઈએ. તેમાં એવો હુકમ કાઢયાની તારીખથી એક મહિનાની અંદર રજીસ્ટ્રાર સમક્ષ પોતાનો ખુલાસો સાદર કરવા મંડળીને ફરમાવવું.

(૩) મંડળીને જે કાંઈ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી રજીસ્ટ્રારે વચગાળાનો હુકમ રદ કરતો અથવા બહાલી આપતો આખરી હુકમ કરવો જોઈશે.

આમ, ઉપરોકત પ્રસ્તાવનાની વિગતોને જોતા વંચાણે લીધા ક્રમાંક : ૩,૪,૫ ની વિગતોને ધ્યાને લઈ મંડળી તેના નોંધણીના ઉદેશોને બર લાવી શકે તેમ જણાતું નથી. તથા મંડળીના હોદેદારોને સદર મંડળી ચલાવવામાં રસ જણાતો નથી. મંડળી તેના ઉદેશો મુજબની પ્રવૃત્તિઓ કરતી બંધ થયેલ હોય, તેમજ મંડળીએ લેખિત રજુઆત મુજબ સંમતી આપેલ હોય, આવા સંજોગોમાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવા નીચે મુજબનો હુકમ કરવો મુનાસિબ જણાય છે.

અંતિમ આદેશ

આથી હું ડી.એમ.પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારી, વંચાણે લીધેલ આમુખ:-૧ ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓને આધિન તથા વંચાણે લીધેલ આમુખ:-૨ અન્વયે મને મળેલ અધિકારની રૂએ કલીયારી વિવિધ ગ્રામ વિકાસલક્ષી ખેતીમાટે પાણી પૂરૂ પાડનારી સહકારી મંડળી લી. મુ.પો.કલીયારી. તા.ચીખલી, જિ.નવસારી કે જે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી નં ખે-૧૦૨૦ તા.૨૮/૦૨/૧૯૮૪ થી નોંધાયેલ સિંચાઈ મંડળી છે. જેને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરુ છું.

નવસારી તા.૨૪મી જુલાઈ ૨૦૨૫

ડી.એમ.પટેલ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ નવસારી

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા
જાહેરનામું

નોંધણી નંબર:-નધણ/વીએલડી/(ઘ)-૨૦૨૫૦૦૯૯૫/ ૨૨૧/૭૭૫/ ૨૦૨૫ આથી જાહેર કરે છે ગીરીરાજ કો- ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. પારડી તા.પારડી જિ.વલસાડને

સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ નો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ તા.૧૫મી જુલાઈ ૨૦૨૫

જાહેરનામું

નોંધણી નંબર:-નધણ/વીએલડી/સા(હા)-૨૦૨૫૦૦૯૯૬/ ૨૨૫/૭૭૪/ ૨૦૨૫ આથી જાહેર કરે છે શિવમ ઈટરનીટી કો- ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. સ.નં.૧૨૭૪ અને ૩૫૩૩ બીગ બજાર સામે કેવડી ફળિયા રોડ ચલા તા.વાપી જિ.વલસાડને

સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ નો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ તા.૧૫મી જુલાઈ ૨૦૨૫

જાહેરનામું

નોંધણી નંબર:-નધણ/વીએલડી/સા(હા)-૨૦૨૫૦૦૯૯૮/ ૨૨૭/૭૭૬/ ૨૦૨૫ આથી જાહેર કરે છે અજીત નગર કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. પૂનમ પાર્ક દમણ રોડ ચલા તા.વાપી જિ.વલસાડને

સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ નો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ તા.૧૫મી જુલાઈ ૨૦૨૫

જાહેરનામું

નોંધણી નંબર:-નધણ/વીએલડી/(ઘ)-૨૦૨૫૦૦૯૯૯/ ૨૨૯/૭૭૭/ ૨૦૨૫ આથી જાહેર કરે છે વિહાન કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુકતાનંદ માર્ગ ચલા તા.વાપી જિ.વલસાડને

સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ નો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ તા.૧૫મી જુલાઈ ૨૦૨૫

જે.એન.પટેલ
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હા) વલસાડ

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા
નોંધણી પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંકઃ CSAHDRSACO202500966 આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે દેવરાજ-૨ ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી લિ., મુ.પીપળજ, તા.વટવા, જિ.અમદાવાદ

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ તા.૯મી જુલાઈ ૨૦૨૫

નોંધણી પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંકઃ CSAHDRSAHAA202500986 આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે શેલડીયા લકઝુરીયા કો-ઓપ હાઉસિંગ સર્વિસ સોસાયટી લિ., મુ.શેલા, તા.સાણંદ, જિ.અમદાવાદ

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ તા.૧૪મી જુલાઈ ૨૦૨૫

વી.આર.કપુરીયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસીંગ)
અમદાવાદ

ક્રમાંકઃ CSSURSAHAA202501019 આથી જાહેર કરે છે કે : ગ્રીનવ્યુ હાઈટ્સ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લિમીટેડ. મુ.અબ્રામા, તા.અબ્રામા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૧૭મી જુલાઈ ૨૦૨૫

ક્રમાંકઃ CSSURSACO202501027 આથી જાહેર કરે છે કે : ધી વોલ સ્ટ્રીટ બિઝનેસ હબ કો-ઓપરેટીવ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લીમીટેડ. મું.ડુમસ, તા.મજુરા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૧૭મી જુલાઈ ૨૦૨૫

ક્રમાંકઃ CSSURSAHAA202501041 આથી જાહેર કરે છે કે : અભિલાશા હાઈટ્સ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.કોસાડ, તા.કતારગામ, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૧૮મી જુલાઈ ૨૦૨૫

ક્રમાંકઃ CSSURSAHAA202501042 આથી જાહેર કરે છે કે : ઓમકાર હોમ્સ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.મોટા વરાછા, તા.અબ્રામા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૧૮મી જુલાઈ ૨૦૨૫

ક્રમાંકઃ CSSURSAHAA202501043 આથી જાહેર કરે છે કે : પીક લિવીંગ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.ભીમરાડ, તા.મજુરા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૧૮મી જુલાઈ ૨૦૨૫

ક્રમાંકઃ CSSURSACO202501044 આથી જાહેર કરે છે કે : કેન્ટિલા બિઝનેસ સેન્ટર કો-ઓપરેટીવ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.ભટાર, તા.મજુરા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૧૮મી જુલાઈ ૨૦૨૫

ક્રમાંકઃ CSSURSACO202501047 આથી જાહેર કરે છે કે : રાજ રેસીડેન્સી એ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.અલથાણ, તા.મજુરા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૧૯મી જુલાઈ ૨૦૨૫

ક્રમાંકઃ CSSURSAHAA202500936 આથી જાહેર કરે છે કે : સુડા સંસ્કૃતિ રેસીડેન્સી બ્લોક-સી ૮ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.વણકલા, તા.અડાજણ, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૪થી જુલાઈ ૨૦૨૫

ક્રમાંકઃ CSSURSAHAA202500937 આથી જાહેર કરે છે કે : આકાશ ભુમી રો હા -ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.પાંડેસરા, તા.ઉધના, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦(ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૪થી જુલાઈ ૨૦૨૫

ક્રમાંકઃ CSSURSAHAA202500938 આથી જાહેર કરે છે કે : સુમન પ્રયાગ બિલ્ડીંગ-એ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.મોટા વરાછા, તા.અબ્રામા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦(ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૫મી જુલાઈ ૨૦૨૫

ક્રમાંકઃ CSSURSAHAA202500939 આથી જાહેર કરે છે કે : શુભમ પર્લ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.પાલનપોર તા.અડાજણ, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦(ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૫મી જુલાઈ ૨૦૨૫

ક્રમાંકઃ CSSURSAHAA202500941આથી જાહેર કરે છે કે : કદમ્બ બંગ્લોઝ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.વાવતા. કામરેજ , જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦(ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૭મી જુલાઈ ૨૦૨૫

ક્રમાંકઃ CSSURSAHAA202500955 આથી જાહેર કરે છે કે : ઓરેન્જ રેસીડેન્સી કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.વરીયાવ, તા.કતારગામ, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦(ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૭મી જુલાઈ ૨૦૨૫

ક્રમાંકઃ CSSURSACO202500956 આથી જાહેર કરે છે કે : સિધ્ધેશ્વરી ટેક્ષ્પા કો-ઓપરેટીવ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.માસમા, તા.ઓલપાડ, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦(ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૮મી જુલાઈ ૨૦૨૫

ક્રમાંકઃ CSSURSACO202500958 આથી જાહેર કરે છે કે : એસ્ટેલા કો-ઓપરેટીવ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.ભરથાણા વેસુ, તા.મજુરા, જિ.સુરતને

સને : ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦(ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૮મી જુલાઈ ૨૦૨૫

જે.એચ.કાકડિયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસિંગ) સુરત.

વંચાણે લીધાઃ-

(૧) ઓડીટર ગ્રેડ-૨ દ્વારા ઓડીટ કાર્યવાહી અંગે બજવણી કરવામાં આવેલ તા-૨૦/૧/૨૦૨૧ ની નોટીસનો આધાર,

(૨) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ ડાકોર ના પત્ર ક્રમાંક -અષણ/૦૧/ખા-એ/રૂબરૂ/૨૦૨૧ તા-૧/૧૨/૨૦૨૧ના રોજ આપેલ કલમ-૨૦ અન્વયે અહેવાલ, તથા તા-૧/૪/૨૦૧૨ થી તા-૩૧/૩/૨૦૧૬ સુધીના ઓડીટમેમાની નકલ,

(૩) અત્રેની કચેરીના જા.નં,નધણ/૦૧/ખ-૨/૩૦૨થી૩૧૨/૨૦૨૧ તા-૭/૧૨/૨૦૨૧ની કારણદર્શક નોટીસ,

(૪) અત્રેની કચેરીના જા.નં,નધણ/૦૧/ખ-૨/૨૦૬/૨૦૨૨ તા-૭/૧૧/૨૦૨૨ની કારણદર્શક નોટીસ (બીજી તક).

(૫) જા,નં, નધણ/૦૧/ખ-૨/૧૦૬/૨૦૨૫ તા-૨૦/૫/૨૦૨૫ ની કારણદર્શક નોટીસ (ત્રીજી તક),

(૬) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ -૨૦ની જોગવાઈઓ.

(૭) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંકઃ-જી.એચ કે-૫૧-૨૦૦૫-એન.એસ-બી.૧૨-૨૦૦૨-૩૦૧૧-સી.એચ. તા.૨૧/૭/૨૦૧૧

પ્રસ્તાવના

જા.નં,નધણ/૦૧/ખ-૨/૧૪૮/૨૦૨૫ ધી કઠલાલ નર્મદા પિયત સહકારી મંડળી લિ., મુ.તા,કઠલાલ. જિ,ખેડા સહકારી કાયદા હેઠળ નોંધણી નંબર-પી.૭૦૬૫/ તા-૩૧/૩/૨૦૧૦ થી નોંધવામાં આવેલ છે

વંચાણે લીધા ક્રમાંક - (૧) થી સદર મંડળીને ઓડીટર ગ્રેડ-૨ દ્વારા ઓડીટ કરવા આપેલ નોટીસ,

વંચાણે લીધા ક્રમાંક - (૨) થી ઓડીટર ગ્રેડ-૨ દવારા અત્રેની કચેરીમાં આપેલ અહેવાલના આધારો,

વંચાણે લીધા ક્રમાંક- (૩) (૪) (૫), થી કારણ દર્શક નોટીસ આપી સુનાવણીની તક આપવામાં આવેલ. જે નોટીસો પૈકી ક્રમાંક (૩) ની નોટીસ'' IncomeLete Adress" ના શેરા સહ પરત આવેલ છે. પરંતુ

વંચાણે લીધા ક્રમાંક (૪), તથા (૫), થી આપેલ નામજોગ નોટીસની બજવણી થયેલ હોવા છતાં સુનાવણીની તારીખ /સમયે કોઈ હાજર રહેલ નથી કે લેખિત/ મૌખિક રજુઆત કરેલ નથી.

જેથી ઉકત તમામ વિગતો ધ્યાને લઈ, સહકારી કાયદાની કલમ-૨૦ અન્વયે ધી કઠલાલ નર્મદા પિયત સહકારી મંડળી લિ.મુ,તા,કઠલાલ જિ,ખેડાની નોંધણી રદ કરવી જરૂરી જણાય છે, આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે,

હુકમ

આથી હું સ્તુતિ રાવલ વંચાણે લીધા ક્રમાંક- ૬.અને ૭. ની જોગવાઈઓ મુજબ મને મળેલ સત્તા અનુસાર ધી કઠલાલ નર્મદા પિયત સહકારી મંડળી લિ., મુ.તા,કઠલાલ. જિ,ખેડા નોંધણી નંબર-(પી.૭૦૬૫, તા-૩૧/૩/૨૦૧૦) ની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરવાનો હુકમ કરૂ છું.

નડીઆદ તા.૧૬મી જુલાઈ ૨૦૨૫

વંચાણે લીધાઃ-

(૧) ધી પી.એન.ટેકનીકલ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ.મુ.તા.કપડવંજ જિ.ખેડાના ફડચાનો અંતિમ હુકમ-જા.નં.ફડચ/૦૧/ગ-૨/૧૮૩/૨૦૨૩ તા.૧/૬/૨૦૨૩

(૨) ફડચા અધિકારીનો તા-૨/૫/૨૦૨૫ ના પત્રથી રજુ થયેલ અહેવાલ

(૩) સહકારી અધિકારી ફડચાના તા-૨૩/૪/૨૦૨૫ની સાધારણ સભા ભરવામાં આવેલ તેનો આધાર

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ -૨૦ અને ૧૧૪ (૨) અને (૩) ની જોગવાઈઓ

(૫) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંકઃ-જી.એચ કે-૫૧-૨૦૦૫-એન.એસ.બી.૧૨-૨૦૦૨-૩૦૧૧-સી.એચ. તા.૨૧/૭/૨૦૧૧

પ્રસ્તાવના

File No:DRCSND/R/e-file/4156/2025/0412/ Registration જા.નં,નધણ/૦૧/ખ-૨/૧૪૯/૨૦૨૫.- ધી પી.એન. ટેકનીકલ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મુ. તા.કપડવંજ જિ.ખેડા સહકારી કાયદા હેઠળ નોંધણી નંબર-સે.૨૯૨૬૯, તા-૩૧/૩/૧૯૯૭ થી નોંધવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક - (૧) થી સદર મંડળીને ફડચામાં લઈ જવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક-(૨) ફડચા અધિકારીશ્રીના તા-૨/૫/૨૦૨૫ના પત્રમાં જણાવેલ વિગતે સદર મંડળીનું સર્ટીફાઈડ પેનલ ઓડીટર દવારા તા-૩૦/૦૬/૨૪ સુધીનું ઓડીટ પૂર્ણ કરવામાં આવેલ છે, તા-૩૦/૬/૨૦૨૪ અંતિત મંડળીનું છેલ્લુ સરવૈયું ''શુન્ય'' હોઈ આખરી ઓડીટ પેનલ પરના સર્ટીફાઈડ ઓડીટરશ્રી દવારા તા-૫/૩/૨૦૨૫ નારોજ પૂર્ણ કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક-(૩) સદર મંડળીની ફડચા અધિકારીશ્રી દ્વારા મંડળી-ની આખરી સામાન્ય સભા તા-૨૩/૪/૨૦૨૫ ના રોજ બોલાવવામાં આવેલ હતી. જે અન્વયે ફડચા અધિકારી દવારા રોજકામ કરવામાં આવેલ જે વિગતોમાં મંડળીના સભાસદો કોઈ હાજર રહેલ ન હતાં. જેથી ફડચા અધિકારીશ્રી દ્વારા તા-૨/૫/૨૦૨૫ ના પત્ર મુજબ સદરહું મંડળીની નોંધણી રદ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) મુજબ ફડચા અધિકારીના આખરી રીપોર્ટ મળ્યેથી સામાન્ય સભા બોલાવ્યા બાદ મંડળીની ફડચાની કાર્યવાહી સમાપ્ત કરવી જોઈશે તેવી જોગવાઈ છે.

જેથી વંચાણે લીધા ક્રમાંક -(૨) ના ફડચા અધિકારીશ્રીના આખરી અહેવાલ મુજબ સહકારી કાયદાની કલમ-૧૧૪(૨)(૩)અન્વયે ધી પી.એન.ટેકનીકલ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ, મુ.તા,કપડવંજની નોંધણી રદ કરવી જરૂરી જણાય છે. આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું સ્તુતિ રાવલ વંચાણે લીધા ક્રમાંક- ૪અને ૫. ની જોગવાઈઓ મુજબ મળેલ સત્તા અનુસાર ધી પી.એન.ટેકનીકલ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મુ.તા.કપડવંજ જિ.ખેડા (નોંધણી નંબર-સે.૨૯૨૬૯, તા-૩૧/૩/૧૯૯૭) ની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરવાનો હુકમ કરૂ છું.

નડીઆદ તા.૧લી જુલાઈ ૨૦૨૫

વંચાણે લીધાઃ-

(૧) ધી ગાયત્રી મજુર કામદાર સહકારી મંડળી લિ.મુ.ભરકુંડા તા,કઠલાલ જિ,ખેડાના ફડચાનો અંતિમ હુકમ-ઉખસ/ક-જ/ફડચ/ ૦૧/ગ-૨/૧૯૭/૨૦૨૧ તા.૭/૧૨/૨૦૨૧

(૨) ફડચા અધિકારીનો તા-૧૬/૯/૨૦૨૧ નો ઓડીટ અહેવાલ અને તા-૬/૧૨/૨૦૨૪ ના પત્રથી રજુ થયેલ અહેવાલ

(૩) સહકારી અધિકારી ફડચાના તા-૧૩/૧૧/૨૪ની સાધારણ સભાના આધારો.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ અને ૧૧૪(૨) અને(૩) ની જોગવાઈઓ

(૫) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંકઃ-જી.એચ કે-૫૧-૨૦૦૫-એન.એસ.બી.૧૨-૨૦૦૨-૩૦૧૧-સી.એચ. તા.૨૧/૭/૨૦૧૧

પ્રસ્તાવના

File No:DRCSND/R/e-file/4156/2025/0372/ Registration જા.નં,નધણ/ ૦૧/ખ-૨/૧૬૧/૨૦૨૫.-ધી ગાયત્રી મજુર કામદાર સહકારી મંડળી લિ.મુ.ભરકુંડા તા,કઠલાલ જિ,ખેડા સહકારી કાયદા હેઠળ નોંધણી નંબર-સે.૨૩૩૫, તા-૧૬/૮/૧૯૯૦ થી નોંધવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક - (૧) થી સદર મંડળીને ફડચામાં લઈ જવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક-(૨) ફડચા અધિકારીશ્રીના તા-૧૬/૯/૨૦૨૧ના પત્રમાં જણાવેલ વિગતે સદર મંડળીનું સર્ટીફાઈડપેનલ ઓડીટર દવારા તા-૩૦/૦૬/૨૩ સુધીનું ઓડીટ પૂર્ણ કરવામાં આવેલ છે, તા-૩૦/૬/૨૦૨૩ અંતિત મંડળીનું છેલ્લુ સરવૈયું ''શુન્ય'' હોઈ આખરી ઓડીટ પેનલ પરના સર્ટીફાઈડ ઓડીટરશ્રી દવારા તા-૨૯/૮/૨૦૨૩ નારોજ પૂર્ણ કરવામાં આવેલ છે. આખરી ઓડીટ પેનલ પરના સર્ટીફાઈડ ઓડીટરશ્રી દવારા તા-૨૪/૮/૨૦૨૩ નારોજ પૂર્ણ કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક-(૩) સદર મંડળીની ફડચા અધિકારીશ્રી દવારા મંડળી-ની આખરી સામાન્ય સભા તા-૧૩/૧૧/૨૦૨૪ ના રોજ બોલાવવામાં આવેલ હતી. જે અન્વયે ફડચા અધિકારી દવારા રોજકામ કરવામાં આવેલ જે વિગતોમાં મંડળીના સભાસદો કોઈ હાજર રહેલ ન હતાં. જેથી ફડચા અધિકારીશ્રી દવારા તા-૧૧/૧૦/૨૦૨૪ ના પત્ર મુજબ સદરહું મંડળીની નોંધણી રદ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) મુજબ ફડચા અધિકારીના આખરી રીપોર્ટ મળ્યેથી સામાન્ય સભા બોલાવ્યા બાદ મંડળીની ફડચાની કાર્યવાહી સમાપ્ત કરવી જોઈશે તેવી જોગવાઈ છે.

જેથી વંચાણે લીધા ક્રમાંક -(૨) ના ફડચા અધિકારીશ્રીના આખરી અહેવાલ મુજબ સહકારી કાયદાની કલમ-૧૧૪(૨)(૩)અન્વયે ધી ગાયત્રી મજુર કામદાર સહકારી મંડળી લિ. ભરકુંડા તા.કઠલાલ જિ,ખેડાની નોંધણી રદ કરવી જણાય છે. આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું સ્તુતિ રાવલ, વંચાણે લીધા ક્રમાંક- ૪અને ૫ ની જોગવાઈઓ મુજબ મને મળેલ સત્તા અનુસાર ધી ગાયત્રી મજુર કામદાર સહકારી મંડળી લિ. ભરકુંડા, તા.કઠલાલ જિ,ખેડા (નોંધણી નંબર-સે.૨૩૩૫, તા-૧૬/૮/૧૯૯૦) ની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરવાનો હુકમ કરૂ છું.

નડીઆદ તા.૧૮મી જુલાઈ ૨૦૨૫

સ્તુતિ રાવલ
જીલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.12.26 16:05:05 IST